સુવિચાર
વાંક આપણો જ હોય છે.
માત્ર સ્વીકાર કરવાની પ્રમાણિકતા નથી હોતી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૬/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૧૫૭

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)


નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## શ્રમિક પરિવાર કપાસનું વાવેતર કરતો હતો અને બાળકો રમતા હતાં

# લાઠીનાં સુરગપુરા ગામની સીમમાં બાળકી દારમાં ફસાઈ

**૫૦ ફૂટ ઊંડા દારમાં દોઢ વર્ષની બાળકી ફસાતા સાંસદ સહિતનાં પદાધિકારીઓ અને કલેકટર ઘટના સ્થળે દોડી ગયા**

**ફાયર, ૧૦૮ એમ્બ્યુલન્સ, પોલીસ સહિતનો કાફલો પણ રેસ્ક્યુ ઓપરેશનમાં લાગ્યો**

**૧૦૮ દ્વારા બોરમાં બાળકીને જીવીત રાખવા ઓક્સિજન આપવામાં આવ્યું**

**રેસ્ક્યુ ઓપરેશનમાં એનડીઆરએફની ટીમની પણ મદદ લેવામાં આવી**



અમરેલી, તા. ૧૪

લાઠી તાલુકાના સુરગપુરા ગામની સીમમાં આવેલ એક વાડી વિસ્તારમાં એક શ્રમિક પરિવાર કપાસનું વાવેતર કરતો હોય ત્યારે તેમના બાળકો ત્યાં રમતા રમતા બાજુની વાડીમાં પહોંચી જતા અને ત્યાં પાણીના દારમાં દોઢ વર્ષની બાળકી પડી જવા પામેલ છે. આ બનાવ અંગે જાણ થતા જિલ્લા કલેકટર સહિતનો વહીવટી સ્ટાફ, સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય જનક તલાવિયા, કૌશિક વેકરિયા તેમજ ફાયર ફાઈટરની ટીમ, એમ્બ્યુલન્સ ૧૦૮ની ટીમ ઘટના સ્થળે પહોંચી જઈ અને આ બાળકીને બહાર કાઢવા માટે થઈ રેસ્કયુ ઓપરેશન હાથ ધર્યુ હતુ.

આ બનાવમાં જાણ મળતી

અનુસંધાન પાના ૬ ઉપર

## જાફરાબાદનાં બલાણા ગામનાં આધેડનું દરિયામાં ડૂબી જવાથી મોત

અમરેલી, તા. ૧૪

જાફરાબાદ તાલુકા બલાણા ગામે રહેતા નારણભાઈ લભાભાઈ મકવાણા નામનાં ૫૫ વર્ષિય આધેડ ગત તા. ૧૩ ના રોજ ૯:૪૫ વાગ્યે સરકેર મહાદેવ દરિયાની અંદર માચ્છીમારી કરવા ગયેલ હતા. તે દરમિયાન તેઓ દરિયામાં ઊંડે જતા રહેલ જેથી અચાનક જ કોઈ કારણોસર દરિયામાં પડી જતાં તેમનું ડૂબી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ફલોરાઈડયુકત પાણીની સમસ્યા ભુતકાળ બની જશે

# હાશકારો : લીલીયામોટાનો વર્ષો જુનો પીવાના પાણીનો પ્રશ્ન દાતાઓનાં સહયોગથી દૂર થયો

**આગામી દિવસોમાં વાસ્મો યોજના અંતર્ગત પાણી મળતું થઈ જશે**

લીલીયા, તા. ૧૪

લીલીયા મોટાની જનતા છેલ્લા ઘણા વર્ષોથી ફલોરાઈડ યુકત પાણીથી પીડાતી હોય. ત્યારે હાલ લીલીયાના સરપંચ જીવનભાઈ વોરા દ્વારા વાસ્મો યોજનાના ૧૦% રકમ પેટે લીલીયા ગ્રામ પંચાયત દ્વારા નવ લાખ તેમજ લીલીયાના રહીશ કૌશિકભાઈ પંડયા દ્વારા ૫૧,૦૦૦ તેમજ ભોળાભાઈ સવજીભાઈ કોટડીયા તરફથી ૫૧,૦૦૦ એમ મળીને કુલ રૂપિયા ૧૦ લાખ ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ લીલીયા મોટા દ્વારા આજ રોજ એસબીઆઈ બેન્કમાં જમા કરાવવામાં આવેલ. લીલીયા પાણી સમિતિ તથા લીલીયા ગ્રામ પંચાયતના સભ્યો સાથે મળી આવા સુંદર અભિગમને સાર્થક કરી બતાવતા લીલીયાની જનતા આભાર વ્યકત કરી રહેલ છે. આખરે લીલીયા મોટાની જનતાની વર્ષો જૂની પીવાલાયક પાણીની સમસ્યાનો અંત આવ્યો અને કોઠાસૂઝવાળા સહજ અને લોકોની વચ્ચે રહેનારા સરપંચ જીવનભાઈ વોરાની અને બંને દાતાઓ તેમજ પંચાયતના સદસ્યોનો આ ગામની સુંદર સુવિધા ઉપલબ્ધ થતા હર્ષની લાગણી ફેલાયેલ. આવનારા દિવસોમાં ફલોરાઈડ યુકત પાણીની પીડાથી લીલીયાની જનતાને મુકત કરવામાં આવી રહેલ છે અને આ કામ હાલ પ્રોસેસમાં હોય ટૂંક સમયમાં જ લીલીયાની જનતાને આ અનમોલ યોજનાનો લાભ મળતો થશે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,190/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૪/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ
ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

BOSCH
સ્માર્ટ બનો,
સ્માર્ટ ખરીદો.
BOSCH ઈલેકટ્રોનીકસ તથા
હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની
સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...

સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી
વિશ્વસનીય અને
પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૭૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦

Sheetal
We are HIRING!
FRANCHISE MANAGER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
BACK OFFICE
Number of position : 03
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com


ધારાસભ્ય કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં

# લીલીયા મોટા ખાતે ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાનો અભિવાદન સમારોહ યોજાયો

## સ્થાનિક ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં



લીલીયા, તા.૧૪

લીલીયા મોટા નાં સર્કિટ હાઉસ ખાતે તાજેતરમાં સાંસદ તરીકે ચૂંટાયેલ ભરતભાઈ સુતરીયાનો અભિવાદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે સૌ પ્રથમ તાલુકા ભાજપનાં પ્રમુખ ભનુભાઈ ડાભી અને ટીમ દ્વારા સાંસદ ભરતભાઈ સુતરીયાનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવે ત્યારબાદ તાલુકા પંચાયતનાં પદાધિકારીઓ અને વિવિધ સહકારી સામાજિક સંસ્થાઓ અને જ્ઞાતિનાં સંગઠનો દ્વારા વિશિષ્ટ રીતે સન્માન કરી અભિવાદન કરેલ. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા લીલીયા તાલુકામાંથી મળેલ લીડ બદલ રાજીપો વ્યક્ત કરી લીલીયા તાલુકા ભાજપ સંગઠન તેમજ લીલીયા તાલુકા ભાજપનાં બુથ લેવલના કાર્યકર્તાઓનો સાંસદ દ્વારા આભાર માનવામાં આવેલ અને કાંઈ પણ કામ હોય તો અડધી રાતે ફોન કરજો. હું જમીન લેવલનો માણસ છું, મારા લાયક કાંઈપણ કામ હોય તો અચૂક મને કોલ કરજો. હું આપની સેવામાં સદાય ઉપસ્થિત રહીશ. તેવું સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા કહેવામાં આવેલ. આ તકે વિસ્તારનાં લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલા જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત ભીખાભાઈ ધોરાજીયા, ભાજપ અગ્રણી અરૂણભાઈ પટેલ, બાબુભાઈ ધામત, ગેતમભાઈ વિછીયા જીગ્નેશભાઈ સાવજ, લીલીયા સરપંચ જીવનભાઈ વોરા, આનંદભાઈ ધાનાણી, કેતનભાઈ ઢાકેચા સહિતના અગ્રણી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ.

ખેડૂતોને વિવિધ યોજનામાં લાભ આપવા માટે

# આઈ ખેડૂત પોર્ટલ આગામી ૧૮જૂનથી ૭ દિવસ માટે ખૂલ્લુ મુકવામાં આવશે

અમરેલી, તા.૧૪

રાજયના ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓ સ્માર્ટફોન, પાક સંગ્રહ સ્ટ્રકચર તથા પાણીનાં બાંધકામ પર સહાય યોજનાઓનો મહતમ લાભ મળી રહે તે આશયથી રાજય સરકારએ સને ૨૦૨૪–૨૫ માટે આઈ ખેડૂત પોર્ટલ તારીખ ૧૮/૦૬/૨૦૨૪ નારોજ સવારે ૧૦:૩૦ કલાકેથી દિન–૭ માટે ખેડુતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખૂલ્લુ મુકવામાં આવનાર છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


તાલુકા કોંગ્રેસ પ્રમુખ ભંડેરીની રજૂઆત

# લાંબા રૂટની એસ.ટી. બસોમાં માત્ર ૫૦ ટકા સીટોનું રિઝર્વેશન જ કરો

## એસ.ટી.નાં વિભાગીય નિયામકને પત્ર પાઠવ્યો



અમરેલી તા. ૧૪

અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ એસ.ટીનાં વિભાગીય નિયામકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે હાલમાં લાંબા રૂટની એસ.ટી. બસોમાં સીટોનું ૧૦૦ % રિઝર્વેશન કરવામાં આવે છે, જેના લીધે અચાનક કોઈ પણ વ્યકિતને મોટા શહેરમાં દવાખાનાના કામે જવાનું થાય કે બીજા કામે જવાનું થાય કે બીજા કામકાજ અર્થે જવાનું થાય તો આવા વ્યકિતઓને જગ્યા ન મળવાના કારણે લાંબા અંતર સુધી ઊભા–ઊભા જવું પડે છે, જે ખૂબ જ પીડાદાયક અને મુશ્કેલ બની જાય છે, ગામડાના વૃદ્ધ લોકો, ગરીબ લોકો, કે અભણ લોકોને ઓનલાઈન રિઝર્વેશન કરવા માટેનું નોલેઝ ન હોય તથા ગામમાં કોઈ પણ વ્યકિત ઓનલાઈન રિઝર્વેશન કરતો ન હોય ત્યારે ફરજીયાત પણે એસ.ટી. ડેપોએ રૂબરૂ આવીને ઓનલાઈન રિઝર્વેશન કરાવવું પડે છે, આવી પરિસ્થિતિમાં ગામડાના લોકોને ઓનલાઈન રિઝર્વેશન પણ થતું નથી અને જે બસમાં જવું હોય તેમાં જગ્યા પણ મળતી નથી. તો આ પરિસ્થિતીના નિવારણ માટે લાંબા રૂટની એસ.ટી. બસોમાં માત્ર ૫૦ % સીટોનું રિઝર્વેશન કરવામાં આવે અને બાકી રહેતી ૫૦ % સીટો એસ.ટી. ડેપો પરથી જ ભરવામાં આવે તેમ અંતમાં જણાવેલ છે.

કલેઈમ ટ્રીબ્યુનલમાં કેસ ચાલી જતાં

# અમરેલી : પોલીસ કર્મીનું અકસ્માતમાં મરણ થતાં રૂપિયા પર.૩૭ લાખ ચૂકવવા આદેશ

## એડવોકેટ જયેશ ત્રિવેદીની દલીલો સફળ રહી



અમરેલી તા. ૧૪

પોલીસ વિભાગમાં ફરજ બજાવતા સુરેશભાઈ વાળાનું અકસ્માતમાં મરણ થતા તેમના વારસદારોએ અકસ્માત વળતર મેળવવા અમરેલીના મોટર એકસીડન્ટ ટ્રીબ્યુનલમાં મો.એ.ક.કે.નં ૬૦/૨૦૨૧ દાખલ કરેલ જે કલેઈમ ટ્રીબ્યુનલ સમક્ષ ચાલી જતા અરજદારો તરફે રજુઆતને ધ્યાને લઈ અમરેલીના મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ જજ રીઝવાના બુખારી દ્વારા નેશનલ ઈન્સૂકાં લિને રૂ. ૫૨,૩૭,૬૦૦/– દાખલ તારીખ ૯ % વ્યાજ સહીત ટ્રીબ્યુનલ રકમ જમા કરાવવા માટેનો હુકમ તા. ૧૧/૬/૨૪ના રોજ કરવામાં આવેલ આ કેસમાં અરજદાર તરફે એડવોકેટ જેયશ.પી.ત્રિવેદી, વનરાજ.એ. વાળા તથા અર્જુન આર. કાકડીયા રોકાયેલ હતા.

શહેરીજનોને પ્રાથમિક સુવિધાનો અભાવ

# દામનગરનાં સર્વાંગી વિકાસ માટે ધારાસભ્ય અને નવનિયુકત સાસંદ યોગ્ય કરે

## કાયદા અને વ્યવસ્થા પણ મજબૂત કરવા જરૂરી




દામનગર, તા.૧૪

દામનગર: લાઠી તાલુકામાં અસામાજીક પ્રવૃત્તિઓ બંધ થાય અને લોકોની સુરક્ષા અને સલામતી માટે કાર્યો વેગવંતા બને એવી લોકોની માંગ સાથે લાગણી છે.'' દામનગર શહેર વિકાસના પંથે આગળ ધપી રહ્યું છે. એકસૂત્ર 'સેનો સાથ–સૌનો વિકાસ.''કયારે થાય, જયારે શાંતિ–સુરક્ષા અને સલામતી માટેનો કાયદો–વ્યવસ્થાનો અમલ નિર્ભીક રીતે થતો હોય...!! દામનગર શહેરમાં લગભગ ૨થી ૨૫ ગામનાં લોકો હટાણું ( ખરીદી ) કરવા માટે આવે છે, જે પ્રગતિ અને વિકાસનો પર્યાય છે..!! દામનગર ગામનો ઈતિહાસ પુસ્તકોનાં આધારે જાજરમાન છે. સમયે–સમયે પરિવર્તન સંસારનો નિયમ છે. નગરપાલિકા કચેરી, પોલીસ સ્ટેશન, બસ સ્ટેશન, અટલ પાર્ક, પીવાનાં પાણી માટેનાં ટાકા, પ્રાથમિક શાળા નંબર–૧ (ગ્રીન શાળા), રેલવે સ્ટેશન, સંપ, સહકારી સંસ્થા દ્વારા બનાવવામાં આવેલ બે પિકઅપ બસસ્ટેન્ડ જેવી પ્રાથમિક સુવિધાઓ માટે કાર્યરત સરકારી સંસ્થાઓની કચેરીઓને હિસાબે, વિકાસની ગતિ ગેરંટીથી આગળ વધી રહી છે. દામનગરમાં હવે જરૂર છે. માર્ગો ઉપર સ્પીડ બ્રેકરો, જયા નથી ત્યાં ડીવાઈડરો અને હોમ ગાર્ડ સબ યુનિટ માટે એક સારી ઓફિસ, વગેરે...વગેરે જે કાઈ લોકોની જરૂરિયાત મુજબની સુવિધા માટેની માંગનો સરકાર દ્વારા ઉકેલ લાવવા માટે આ વિસ્તારનાં જાગૃત ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને નવાં ચૂંટાયેલ સાંસદ તેમની કક્ષાએથી રજુઆત કરી યોગ્ય થાય એવી ઉચિત લાગણી છે.

રાજય સરકારના કુપોષણ મુકત અભિયાનને ફટકો મારતી ઘટના

# ગીરગઢડના ઉગમણા પડાપાદર ગામે આંગણવાડીનાં બાળકોને સડેલુ અનાજ અપાતુ હોવાની ફરિયાદ

## ઉચ્ચ અધિકારીઓએ બનાવની ગંભીરતા સમજી તપાસ શરૂ કરી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ગીર ગઢડા, તા.૧૪

ગુજરાતનું કોઈ બાળક કુપોષણથી ન પીડાય તે હેતુસર રાજય સરકાર દ્વારા આ દુષણો દૂર કરવા માટે કમર કસવામાં આવી છે. જેથી આંગણવાડીઓમાં ભણવા માટે આવતા બાળકો માટે વિવિધ પ્રોજેકટ અંતર્ગત બાળકોને તંદુરસ્તી પ્રદાન કરવા માટે પૌષ્ટિક આહાર આપવામાં આવે છે અને અવનવા કાર્યક્રમમો હાથ ધરવામાં આવે છે. ત્યારે ગીર સોમનાથ જિલ્લામાંથી એક અલગ જ ચિત્ર બહાર આવ્યુ છે. જેમાં આંગણવાડીમાં જતા બાળકોને સડેલા ચણા ભોજનમાં અપાતા વિવાદ સામે આવ્યો છે.

ગીર ગઢડા તાલુકાના ઉગમણા પડાપાદર ગામે આંગણવાડીના નાના ભુલકાઓને ગત રોજના આપવામાં આવેલ ચણાના નાસ્તામાં સડેલા ચણા અને જીવતો નીકળતા આ અંગે વાલીઓએ આંગણવાડીના સંચાલકને જાણ કરેલ. ત્યારે આંગણવાડીના સંચાલક દ્વારા બનાવેલ ખોરાકને ફેંકી દીધેલા અને દોષનો ટોપલો નાસ્તો બનાવનાર ઉપર ઢાલવેલ. આ બનાવવાની જાણ સરપંચે સી.ડી. પી.ઓ. ને કરતા આજ રોજ સ્થળે તપાસ કરવામાં આવી.

ગુજરાત સરકારના આઈ.ડી.એસ. કચેરી અંતર્ગત ચાલીત આંગણ વાડી કેન્દ્રમાં આવતા નાના ભૂલકાઓના કુપોષણ મુકત કરવા હેતુસર અપાતા પોષ્ટીક ખોરાકમાં ઈયરો અને ધનેરા, કિડા જેવા જંતુ નિકળતા આ નાસ્તાના ડબા લઈ વાલીઓ ભૂલકાઓ સાથે આંગણવાડી કેન્દ્ર સંચાલક પાસે ફરિયાદ કરવા પહોંચતા પોતાની ભુલનો સ્વિકાર કરવાના બદલે કોટવાલને દંડે તેવી સ્થિતિ મહિલા સંચાલીકોએ કરીને પોતાના પતિદેવને બોલાવી ઉગ્ર વાતાવર ફેલાવી આંગણવાડીના કેન્દ્ર પર આવતા બાળકોના વાલીઓ સાથે ન શોભે તેવુ વર્તન કરતા ગ્રામજનોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો. કેન્દ્ર પર મામલો તંગ બન્યો હતો અને ગામના સરપંને જાણ થતા તેઓ પણ આંગણવાડી કેન્દ્ર પર પહોંચ્યા હતા અને વાલીઓ ગ્રામજનોને સમજાવેલલા. અંગે સરપંચ દ્વારા ગીરગઢડા સી.ડી.પી.ઓ. ને જાણ કરતા ગૃપ સુપરવાઈઝરને જાણ કરી તપાસ કરવા અને ગેરવર્તન કરનાર સંચાલક સામે પગલા ભરવા ખાત્રી આપતા વાલીઓમાં રોષ ઠંડો પડેલ છે.

આજ રોજ ઉગમણા પડાપાદર ગામે આંગણાવાડી કેન્દ્ર ખાતે ગ્રામજનો સવારથી એકઠા થયેલા. જેમાં ગત રાતના આંગણવાડીના સંચાલક દ્વારા મોડી રાત્રે અંગાણવાડીનો આ અખાદ્ય માલ સગેવગે કરી રહ્યા હતા ત્યારે ગ્રામજનોએ આંગણવાડીમાં રહેલ માલની તપાસ કરતા એકસપાયર્ડ તારખીવાળો માલ પણ મળી આવેલો અને અનાજ ભરેલા વાસણો પણ જીવતા જોવા મળેલી. જયારે આંગણવાડીમાં ઉપયોગમાં લેવાતા પાણીના ટાંકાની તપાસ કરી તો પાણીના ટાંકાની સફાઈ જ લાંબા સમયથી કરવામાં આવી નથી. ટાંકાનુ પાણી દુર્ગંધયુકત અને શેવાળ વાળુ જોવા મળ્યુ અને જેનો ઉપયોગ રસોઈ બનાવવામાં કરવામાં આવી રહ્યો હતો.

ગીર ગઢડા તાલુકા પંચાયતમાંથી તપાસ અધિકારીની ટીમ આવતા તેમના સ્થળે તપાસ કરેલ અને આંગણવાડી સંચાલકને બોલાવેલ. ત્યારે સંચાલક દ્વારા મસ્ટર પણ ઘરે રાખવામાં આવેલ અને સમગ્ર બનાવ અંગે અધિકીઓએ પૂછતા પોતાની ભૂલનો સ્વીકાર કરેલ. બીજી તરફ એકઠા થયેલ ગ્રામજનોએ પણ સંચાલકના ગેરવર્તનને લઈને અનેક ફરિયાદ કરેલ અને માંગ કરેલ કે આવા સંચાલકને તરત જ દૂર કરવામાં આવે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

પ્રવેશની ઉત્તમ તક...

ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં
૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org


# બગસરામાં શ્રી આપા ગીગા ગાદી મંદિરમાં બીજની ઉજવણી કરાઈ



બગસરામાં આપા ગીગા ગાદી મંદિરમાં બીજ નિમિત્તે શ્રી ઠાકર મહારાજ તેમજ શ્રી આપાગીગા મંદિરના તેમજ સંત શ્રી રાઘવજીબાપા બાપાના શુભ આશિષથી શ્રી ઠાકર મહારાજના વાઘા તેમજ ધજા તોરણ સોડના મનોરથી સંજયભાઈ જેન્તીભાઇ નાંઢાના પરિવાર તરફથી તા. ૮ને શનિવારના રોજ અર્પણવિધિ પૂ. મહંતશ્રી જેરામબાપુના વરદ હસ્તે કરવામાં આવેલ હતી. આ પ્રસંગે સાંજે ૫ કલાકે પૂ. બાપુ તરફથી સત્સંગ સભામાં સંજયભાઈ નાંઢાનું સન્માન કરવામાં આવેલ હતું તેમજ આવેલ મહેમાનોનું શાલ તેમજ ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે પધારેલા સ્થાનિક તેમજ બહારગામથી આવેલ મહેમાનો જુનાગઢથી પ્રફુલભાઈ સોલંકી, જયસુખભાઈ નાંઢા, મણીભાઈ સોલંકી, બગસરા વાંઝા સમાજના પ્રમુખ રશ્મિનભાઈ ડોડીયા તેમજ જ્ઞાતિજનો દ્વારા આપવામાં આવેલ ભેટ પણ નવ નિર્મિત ગાદી મંદિરના બાંધકામમાં આપવામાં આવેલ હતી. જયારે આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રદીપભાઈ ગઢિયા તેમજ વિવેકભાઈ ગોહિલે જહેમત ઊઠાવી હતી.

# અમરેલી ખાતે શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળીની નૂતન શાખાનો દબદબાભેર પ્રારંભ



ગુજરાતની શ્રેષ્ઠ સહકારી શરાફીમંડળીએવોર્ડવિજેતાશ્રીસૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરાની સહકારી સફર પ્રેરણાદાયી અને સફળતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બની છે. ગુજરાતની વસુંધરા સહકારથી જોડાયેલી છે. ગામડાને મુખ્ય ધારામાં લાવવાનું કામ સહકારના ક્ષેત્રથી સાકાર થયું છે. ખેતી, ખેડૂત અને ગામડુ ભારતનો આધાર છે અને તેની આધારશિલા સહકારી પ્રવૃત્તિ છે. શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરાના ચેરમેન અનિલભાઈ વેકરિયાએ એક દાયકા પહેલા આ સંસ્થાની શરૂઆત કરી. સહકારના ભાવ સાથે શરૂ થયેલી આ સંસ્થા સાથે દસ હજારથી વધુ સભાસદો જોડાયેલા છે. બગસરા, અમરેલી, ભેંસાણ, અમદાવાદ, ધારી, ચુડા, ભલગામ, વિસાવદર અને કુંકાવાવમાં આ સંસ્થાઓની શાખાઓ કાર્યરત છે. આધુનિક સમય સાથે પરિવર્તનના પ્રવાહને સકારાત્મક અભિગમ અપનાવીને ચેરમેન અનિલભાઈ વેકરિયાએ શરાફી મંડળીઓની શાખાઓને અત્યાધુનિક અને સુવિધાસભર બનાવી છે. અમરેલી એ ગુજરાતની સહકારી ક્રાંતિનું કેન્દ્રબિંદુ છે. સહકાર શિરોમણી ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શનમાં આ સંસ્થાનું ઘડતર થયું છે. અમરેલીમાં છેલ્લા ત્રણેક વરસથી કાર્યરત આ સંસ્થાની શાખાની પ્રગતિને ધ્યાનમાં રાખીને સભાસદોના વિસને વધુ મજબૂત બનાવવા માટે નાવીન્ય સાથે નૂતન શાખા તૈયાર કરવામાં આવી. દેવોના દેવ પંચનાથ મહાદેવના સાંનિધ્યમાં અમરેલીની શાખ ગણાતા જુના માર્કેટિંગ યાર્ડમાં શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરાની અમરેલીની નૂતન અને સુવિધાયુકત શાખાનો શાસ્ત્રોકત પૂજા–અર્ચના અને પ્રભુ પ્રાર્થના સાથે શુભારંભ કરવામાં આવ્યો. ચેરમેન અનિલભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, અમરેલીમાં સહકાર સરિતાનો નવો અધ્યાય શરૂ થયો છે. વડીલો, સ્નેહીજનો, પરિવારજનો અને ગુરૂજનોના આશીર્વાદ અને સહયોગથી સહકારના ભાવને જાળવીને વધુમાં વધુ ખેડૂતો, સભાસદો અને ગ્રામજનોના વિસને સાર્થક કરીશું. વાઈસ ચેરમેન દિવ્યેશ વેકરિયા, મંત્રી દિપકભાઈ આંબલિયા અને એમડી જયસુખભાઈ ગોંડલિયા સહિત સૌરાષ્ટ્ર પરિવારના કર્મચારીઓની ઉપસ્થિતિમાં પૂજા વિધી સાથે નૂતન શાખાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. સંસ્થાની નૂતન શાખાના શુભારંભ પ્રસંગે ઈફકો ચેરમેન અને માર્ગકર્શક દિલીપભાઈ સંઘાણી, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયા, માર્કેટિંગ યાર્ડના પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, લેઉઆ પટેલ સમાજના મેનેજિંગ ડિરેકટર ડી.કે. રૈયાણી, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેનભાઈ હિરપરા, લેઉઆ પટેલ સમાજ પ્રમુખ દિનેશભાઈ ભુવા, કાંતિભાઈ વઘાસિયા, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, ખરીદ વેચાણ સંઘ પ્રમુખ જેન્તીભાઈ પાનસુરિયા, તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસિયા, શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોળિયા, પુર્વ તાલુકા પંચાયત પ્રમુખ વનરાજભાઈ કોઠિવાળ અને દિલીપભાઈ સાવલિયા, ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, સીએ કોઠિયા, ભાજપ અગ્રણી જલ્પેશભાઈ મોવલિયા, રમાબેન હિરપરા, કાળુભાઈ રૈયાણી, ઘનશ્યામભાઈ રૈયાણી, કાળુભાઈ તારપરા, તાલુકા પંચાયત ન્યાય સમિતિ ચેરમેન પ્રવિણભાઈ ચાવડા, રોહિતભાઈ સુખડિયા, અરવિંદભાઈ કાકડિયા, રિતેશભાઈ સોની, ભરતભાઈ વેકરિયા, જગદિશભાઈ તળાવિયા સહિત એડવાઝરી બોર્ડ મેમ્બર મુકેશભાઈ કોરાટ, અરૂણભાઈ ડેર, ધર્મેશભાઈ વિસાવળિયા, જયસુખભાઈ સોરઠિયા, સંજયભાઈ માલવિયા, દિપકભાઈ ધાનાણી, સીએ હિતેશભાઈ ખણેસા અને સહયોગી હિરેન યાદવ અને ઉત્તમ વેકરિયા સહિતના આગેવાનોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## અમરેલી–લીલીયા માર્ગ પર આવેલ
# લાલાવદર ગામની સીમમાં જુગાર રમતી ૩ મહિલા સહિત ૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૧૪

અમરેલીમાં રહેતા કિશનભાઈ રાજુભાઈ વાળા, બળવીરભાઈ ધીરૂભાઈ ખુમાણ, દેવેન્દ્રભાઈ ગીરીશભાઈ વાઘેલા, પરેશકુમાર પ્રાણભાઈ ચાવડાગોર, જયોત્સનાબેન કાળુભાઈ સાકરીયા, દેવીબેન હર્ષદભાઈ વ્યાસ, માલતીબેન અરજણભાઈ ભુવા સહિત સાતેય ઈસમો તા. ૧૩ના સાંજે ૫:૩૦ વાગ્યે લાલાવદર ગામની સીમ વિસ્તારમાં કિશનભાઈ રાજુભાઈ વાળાની વાડીના શેઢા પાસે જાહેરમાં રસ્તા ઉપર પૈસાની હાર–જીતનો જુગાર રમતાં રોકડ રકમ રૂા.૧૪,૪૮૦ તથા મોબાઈલ ફોન નંગ–૬ કિંમત રૂા. ૭૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૮૯,૪૮૦ નાં મુદ્દામાલ સાથે ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

















''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઈ–મેઈલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.










# પગદંડી/લેખન



## અતિ ભલો નહિ, અતિગતિ નહિ ચૂપ

– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

સરસ સૂત્ર છે. બોલવુ અને ચૂપ રહેવુ એમાં તફાવત છે. એક બીજી કહેવત–સૂત્ર છે. ''અતિને ગતિ નહિ''. અતિ એટલે વધુ,વધુ પડતુ જેમકે, વધુ બોલવુ, વધુ ચૂપ રહેવુ. અતિ સ્થૂળ, અતિ સુકલડી, અતિ ધનવાન, અતિ ગરીબ, અતિ બળવાન, અતિ નબળો, અતિ સાતિ, અતિ બહુ વિગેરે. શા માટે ? જાવાવુ છે? જીવનમાં અતિ–ઓછુ નહિ પણ મધ્યમ માર્ગ ઉતમ છે. જે ભગવાન બુધ્ધે સમજાવ્યુ ને તેમણે પણ મધ્યમવર્ગ અપનાવી ગૌતબુધ્ધ થયા.

એક મારા મિત્ર છે. અમે ઘણી વખત મિત્રો સાથે બેઠા હોઈએ. વાતો થાય. ચર્ચા થાય, વાદવિવાદ થાયપણ જયારે મિત્ર સાથે કે સાથે કોઈ વિવાદ ચકી જાય ત્યારે તે પોતાની હાર કબૂલ કરી મૌન ધારણ કરી લે. મને વખત પૂછવાનુ મન થતુ પણ પૂછી શકતો નહિ. પણ એક વખત એમના વિષે વધુ ખરી ટીકા, વિવાદ થયા ત્યારે એમણે પારોકના પગલા ભર્યા ત્યારે મારાથી રહેવાયુ નહિ. મેં એકબાજુ બોલાવી પૂછયુ. મિત્ર, તમે કેમ દર વખતે હાર કબૂલ કરી ચૂપ થઈ જાય છે? તમારી વળ, દલીલ સાચી હોવા છતા આવી કેમ?'' ત્યાર મિત્રએ જવાબ આપ્યો જે સાંભળવવા જેવો છે. મિત્રએ કહ્યુ, ''ભાઈ! મને પણ બોલતા અને દલીલ કરતા બધા કરતા સારી રીતે આવડે છે. પણ એમ કરવાથી મને શો ફાયદો? નાહકનુ ગુસ્સે થવાનુ? ગુસ્સો,ક્રોધ સાથેનાને નહિ, આપવાને જ થાય છે. દજાડે છે. એના કરતા શાંતિ રહી, ચૂપરહી જવામાં ખોટુ શુ છે? એ એમના સ્વરે આપણે આપણા સ્વરે વાત ખતમ.''

મિત્રની વાત મને ગળ ઉતરી ગઈ. વળી એ પણ સાચુ છે કે વધુ પડતુ બોલવુ,ગુસ્સે થવુ એનાથી વાત, સંબંધ સુધારતા નથી બગડે છે. સંભાળવુ દેવુ સહેલુ છે. પણ આપની વાત કોઈને ગળે ઉતારવી અઘરી હોય છે.

આપણે માનસિક અને શારરિક રીતે થાકી જઈએ. પણ આપણી જીભ કયારે થાકતી નથી. ચોવીસ કલાક તૈયાર. એવરમીન વળી સાવ મોઢામાં લોચો, જેમ વાળ ીએ એમ વળે નવાઈની વાત તો એ છે કે ભલી હોય તો ફૂલહાર પહેરાવે તે વિફરે તો ગાળો ખવડાવે, ખાખડા તો હાર પહેવરાવડે. પૂ. ડોંગરેજી મહારાજ જીભને લુલી કહેતા. સરસ પર્વચા કરતા હતા. એ જીભને છૂટો દોર આપવો એટલે લાગામ વિનાનો ઘોડો કયાં લઈ જાય છે. એ નકકી નહિ. જગાડે ય ખરી ને મારે પણ ખરી મહાભારત અને રામાયણ એના જીવતાજાગતા ઉદાહરણો છે. એક કહેવત છે, '' ભાલે એટલુ ખાવુ નહિ ને આવડે એટલુ બોલવુ નહિ'' ટૂંકમૃ બોલવામાં પ્રમાણભાન અતિ જરૂરી છે.

માઈક હાથમાં આવત વકતા ભૂલી જાય છે કે સામે બેઠલો ઓડિયન્સ શુ કરે છે?'' હવે બસ છેલ્લી વાત કરી પૂરી કરુ પણ છેલ્લી વાત આવેજ નહિ.

સુખી જીવન માટે પાયનો વલાલિખિત સિધ્ધાંત છે કે કોઈની સાથે ઘષંણમાં ઉતરવુ નહિ. ઘર્ષણ બીજુ થવા ન દેવુ. પછી આપણી સર્વે મળ તો હય આપવી વાતચીતમાં કોઈની ઉપેક્ષા ન થવા દેવી. જાણે ઉતેજીત ન થવુ. અહંકાર કે ઈર્ષાના ભાવ પ્રકાશિત ન થવા દેવા જોઈએ.

આજની વાત કરુ, નિશાળમાં એક વાલીબહેન એટલી ઉગ્રતાથી વાતકરતા લાગ્યા કે ભાન ભૂલી ગયા કે તેઓ શુ બોલી રહ્યા છે. જાણે પીધો ન હોય ? ભળોલમળેલ હતા. પણ જયારે સ્વાર્થ આવે ત્યારે ગુસ્સો દેખાતી પોતાની વાત રાખવામાં ગમે તે હદે માવાય જઈ શકેએ નકકી છે.

બોલનાર વ્યકિત એ ભૂલી જાય છે કે સામેની વ્યકિતને પણ કંઈક કહેવાનુ હોય છે. આપણે એમને બોલાવી, એમની વાત રજૂ કરવાની તક જ આપતા નથી હોતા.જાપાનમાં સુંદર માણસોમાં સમજણ છે. જેમકે, ત્યાં ચાપાણી પાર્ટી ગોઠવાવી હોય. એમા તેમા થયેલા લોકો વિવિધ ચર્ચા કરતા હોય છે. પણ નવાઈની વાત એ છે કે, અનુકરણીય બાબત એ છે કે, ભેગા થયેલામાંથી કોઈ પોતાનુ મંતવ્ય, વાતને વળગી રહેવુ નથી. એમ નિર્ણાયત્મક હોવાનો દાવો પણ કોઈ રાખતુ નથી. પરિણામએ આવે છે કે તેઓ યુકતપણે અને મુકતપણે સંભાળના આવી શકે છે. એક વિદેશી લેખક સેન્ટ ઈમ્એ તમે '' પ્રજ્ઞાજન્ય વિનમ્રતા' એવુ કહ્યુ છે.આપણી બોલવાની ઉંચી તીવ્રતા દ્વારા એ જતાવવા માંગતાહોઈએ છીએ કે હું જ સાચો છુ. બાકી બધા ખોટો છે. પણ આપણે એ ભૂલી જોઈએ છે કે, જેમ જેમ દલીલો કરતા જઈશુ.અવાજની માત્રા વધારતા જઈશુ એમ ખુખ આપની જાતને ઉદાસ અને ઉપેક્ષાને પાત્ર બનાવના હોઈએ છીએ. આપણી સાથે કોઈ નહિ બોલે પણ પાછળ મોં મરડશે. મનમાં ક્રોધ કરશો કદાચ હવે પછી તમારી સાથે જીભાજોડી ન કરવી એવુ જીવા પણ લેશે. હવે કહો નુકસાન કોને ગયુ? બોલનારકે સાંભળનર લે!

ગૌતમબુધ્ધ પાખે એક ભાઈ આવીને મોટથી એલફેલ બોલવા,ગાળો પણ આપી. ગૌતમબુધ્ધ શાંત ચિતે સાંભળતા રહ્યા. પેલો માણસ બોલીને થાકી ગયો પછી બહુ કહ્યુ ''ભાઈ! હું તમારા ઘરે ભિક્ષા લેવા આવુ. ત્યારે તમે જ કંઈ આપણા ધારો તે હુ ન લઉંતો એ વસ્તુ કોની પાસે રહેશે?'' ત્યારે બુધ્ધે કહ્યુળ, '' તમે જે માળો, અવિવેક કર્યો તે હુ ન લઉં. ન સ્વીકારુ તો કોની પાસે રહે?'' ''મારી પાસે'' એટલુ બોલીને તો પેલો માણસ છોબીલો પડી ગયો. શરમાઈને ચાલ્યો ગયો.

અંતમાં એટલુ જ, હંમેશા બોલવાને મધ્યમ મળ જ અપનાવીને બોલવુ એ જ આપવા માટે શ્રેય અને પ્રેમ સાબિત થશે–અસ્તુ :

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એકસપ્રેસ

▪ ઉખાણા ▪ બાળવાર્તા ▪ જોડકણા ▪ બાલગીત ▪ જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## હાવાભાઈ સંઘવી–એક કર્મયોગી

**આવતા અંકનું ચાલુ....**

લોકોમાં સ્વદેશીની ભાવના જાગ્રત રહે એ આશયથી રામજીભાઈએ અમરેલીમાં એક ઉધોગમંદિર સ્થાપ્યું. તા. ૮મી મે ૧૯૩૨ને દિવસે વડોદરા રાજયના કર્મસચિવ કર્નલ શિવરાજસિંહના પ્રમુખપદે એક ખાસ સમારંભ એ નિમિતે યોજવામાં આવ્યો હતો. રામજીભાઈએ સ્થાપેલું આ ઉધોગમંદિર ઘણી રીતે અપૂર્વ હતું. આ ઉધોગ મંદિર સ્થાપવા પાછળની ભાવના, ખાદી વાપરવાન વ્યકિત પૂર્ણપણે સ્વાવલંબી બને એ હતી. આ ઉદ્યોગમંદિરનો બરાબર ખ્યાલ આવે એ રીતે રામજીભાઈએ અમરેલીના મહિલા પુસ્તકાલયના હોલમાં એક ખાસ પ્રદર્શન યોજયું. તેમાં કાઠિયાવાડના મઠિયા કપાસમાંથીં, ત્યાંના ગરીબ લોકોએ સ્વહસ્તે લોઢેલા, પીંજેલા વણેલા અને ઉદ્યોગમંદિરમાં રંગેલા તથા છાપેલા નમૂનાઓ મૂકવામાં આવ્યા હતા.

**કૃષિ સંશોધન કેન્દ્ર – મોડેલ ફાર્મ**

અમરેલીમાં લીલીયા રોડ ઉપર આવેલા કૃષિ સંશોધન કેન્દ્રની સ્થાપના ગાયકવાડ સરકારે સને ૧૯૨૬માં મોડેલ ફાર્મના નામથી કરી હતી. આ કેન્દ્ર લોકોમાં મોલ ફાર્મ યા તો ફાર્મવાડી ના નામથી ઓળખાય આ કેન્દ્ર પર પ્રારંભમાં મગફળી અને કપાસને લગતા સંશોધનો કરવામાં આવતા. ફાર્મ નિર્દેશનો ગોઠવીને ખેડૂતોને ખેતી ઉપયોગ માહિતી આપવામાં આવતી. ગુજરાત કૃષિ યુનિવર્સિટીની સ્થાપના થયા બાદ ૧૯૭૨થી આ કેન્દ્ર ગુજરાત કૃષિ વહીવટ નીચે મૂકાયું. ૧૯૭૪–૭૫થી સૂર્યમૂખી પાક પરની સંશોધન કામગીરી શરૂ કરવામાં આવી. કેન્દ્રનો કુલ વિસ્તાર ૪૨.૫૫ હેકટર છે. જેમાંથી ૩૭.૩૪ હેકટર જમીન ખેડવાણ હેઠળ છે. ખેતીક્ષેત્રે સંશોધનો કરવા ઉપરાંત અગત્યના પાકોનાં પાયાનાં બીજ ઉત્પન્ન કરી ખેડૂતોને પૂરાં પાડવાનું કામ આ ફાર્મ કરે છે.

**અમરેલીના સારસ્વત ડો.વસંતભાઈ પરીખ :** અમરેલીના સારસ્વત ડો. વસંતભાઈ પરીખ એટલે જ્ઞાનનું ઉદ્યાન, મોટા વિદ્વાન છતા અતિ નમ્ર સજજન, અગાધ જ્ઞાન અને વિરાટ વ્યકિતત્વના ધની, ઉષ્માભર્યા અને પ્રેમાળ વડીલ. તેમણે જ્ઞાન વેચ્યુ નથી, વહેચ્યુ છે. તેમણે પોતાના શિષ્યોને ખૂબ ચાહ્યા છે. તરાશ્યા છે. અમરેલીની જ

ભાતીગળ સૌરાષ્ટ્ર

નહી, સમગ્ર ગુજરાતની મોંઘી સતા છે. સરળતા, સહજતા અને સાદાઈ તેઓએ આત્મસાત કરેઈલા ગુણો છે.૧૭મી માર્ચ ૧૯૩૩ના રોજ જન્મેલા વસંતભાઈ પરીખ આજે ૭૬ વર્ષે પણ વિદ્યાવ્યાસંગમાં સક્રિય છે. વાંચન અને સંશોધન સાથે જ્ઞાનપિપાસુઓને જ્ઞાન પીરસતા રહે છે. વસંતભાઈને બાળપણથી વાંચવનો ભારે શોખ. તેઓ નિયમિત પુસ્તકાલયમાં જતા હતા. સંસ્કૃતમાં ડોકટર થયેલા વસંત પરીખ અમરેલીની કોલેજના સંસ્કૃતના અધ્યાપક હતા. હાલ નિવૃત છે. તેઓએ સંસ્કૃતમાં 'ન્યાયકંદલી' નામનો ૯૦૦ પાનાનો ગ્રંથ હસ્તપ્રત વિજ્ઞાનના સિધ્ધાંત પ્રમાણે સંપાદિત કર્યો છે. સંસ્કૃતમાં તેમના નોંધપાત્ર પ્રદાન માટે વાચસ્પતિ એવોર્ડ, રાષ્ટ્રપતિ સન્માન એવોર્ડ, કેન્દ્ર અને ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા સન્માન, ગૌરવ પુરસ્કાર અને બીજી અનેક ઉપલબ્ધિઓ મેળવેલી છે. વસંતભાઈ મહાવિદ્વાન, પ્રખર વકતા પરંતુ જયારે વકતવ્ય આપે ત્યારેતે અત્યંત સરળ ભાષામાં હોય, ગાંધીજીની ભાષામાં કહીએ તો કોશિયાને પણ સમજાય એવા સરળ વકતા. કોઈ નવી વાતની સાથે સાથે તેઓની અપ્રતિમ સેન્સ ઓફ હ્યુમરથી ચાબખા મારતા જાય. શ્રોતાઓને શબ્દોને પાશથી બાંધી રાખે, વસંતભાઈને વાણીનું વરદાન છે. તેમનુ જ્ઞાન અગાધ છે. પણ હજુ તેમની તૃષા સંતોષાઈ નથી. સતત અધ્યયન, વાંચન ચાલ્યે જ રાખે છે. તેમણે 'મૌલાના જલાલુદીન રૂમી જીવનરેખા અને સર્જનમધુ' નામનુ પુસ્તક લખ્યુ છે. વસંતભાઈને ૬૦ વર્ષ પૂર્ણ થયા ત્યારે તેમના સન્માન માટે રોટરી કલબ દ્વારા પ્રા.ડો.વસંતભાઈપરીખ વ્યાખ્યાનમાળાની પ્રારંભ સ્વામી સિચ્ચદાનંદજીએ કર્યો. આ વ્યાખ્યાનમાળા રૂપાયતન સંસ્થા ચલાવે છે.

## હુતાત્મા હેમુ કાલાણી

**જન્મ : ૨૩ માર્ચ, ૧૯૨૩**
**વીરગતિ : ૨૧ જાન્યુઆરી, ૧૯૪૩**



યુવા ક્રાંતિકારી હેમુ કાલાણી સિંધના ઐતિહાસિક નગર સખ્ખરના વતની હતા. તેમનો જન્મ ૨૩મી, માર્ચ ૧૯૨૩ના રોજ થયો હતો. એક દિવસ કુસ્તીમાં તેમણે અંગ્રેજ પહેલવાનને ભોંયભેગો કર્યો. તેમના આ પરાક્રમ બદલ વિદ્યાર્થીઓએ વિજય સરઘસ કાઢયું. અંગ્રેજોથી આ સહન ન થયું. સરઘસ ઉપર લાઠી પ્રહાર કર્યો. આ ઘટનાથી હેમુની અંદર અંગ્રેજ વિરોધના બીજ રોપાયાં. સ્વરાજ સેનાની સ્થાપના કરી. પોલીસ દમનના વિરોધમાં તેમના દ્વારા ફરી સરઘસ કાઢવામાં આવ્યું. આ વખતે લાઠી પ્રહારને બદલે ગોળીબાર થયો. સ્વરાજ સેનાના કેટલાય સૌનિકો ઘવાયા. હેમુ હિંમત ન હાર્યા. અંગ્રેજ સરકારને ગોળીનો જવાબ બોમ્બ બનાવવાનું શીખ્યા. એ વખતે ક્રાંતિકારી મંઘારામ કાલાણી જેલમાં હતા. હેમુએ તેમને છોડાવવાનું બીડું ઝડપ્યું. રાત્રે બાર વાગ્યે સાથીદારો સાથે જઈ હેમુએ મંઘારામ કાલાણી જે જેલમાં પુરાયેલા હતા તેના પર બોમ્બ ફેંકયો. જેલની દીવાલ પતાના માફક તૂટી ગઈ. વિસ્ફોટ થતાં જ પોલીસ ત્યાં દોડી આવી. સામસામો ગોળીબાર થયો. ચાલીસ જેટલા પોલીસના માણસો મોતને ભેટયા. હેમુના પણ દસ સાથીઓ સહીદ થયા. હેમુને પકડવામાં પોલીસ સફળ ન રહી. આ ઘટનાના થોડા દિવસ પછી દેશમાં 'હિંદ છોડો' ચળવળ ઊપડી. સિંધમાં પણ ચળવળે પડકયો હતો. સરકાર તેને દાબી દેવા કોઈ પણ હદે જવા તૈયાર હતી. ત્યાં હેમુ પાસે સમાચાર આવ્યા કે 'હિંદ છોડો' ચળવળના સેનાનીઓને ખતમ કરવા હથિયાર ભરેલી ટ્રેનને સખ્ખરથી આગળ જવા ન દેવી. એ સાંજે સ્મશાનગૃહના ઓરડામાં ક્રાંતિકારીઓની બેઠક મળી, જેમાં ટ્રેનના પાટા તોડવાની રૂપરેખા ઘડી કાઢવામાં આવી. ચાંદની રાતે આ ક્રાંતિકારીઓ સખ્ખરની બિસ્કિટ ફેકટરી પાસેથી રેલના પાટા નીકળતા હતા ત્યાં પહોંચી ગયા. હેમુએ ઓજારો વડે ફિશ પ્લેટ કાઢવાનું શરૂ કર્યુ. શાંત વાતાવરણમાં ઓજારનો ઠક ઠક અવાજ બિકિસ્ટ ફેકટરીના જમાદાર સુધી પહોચ્યા વગર ન રહી શકયો. જમાદારે ફેકટરી અંદર જઈ પોલીસને ફોન કર્યો. ખબર પડી એવી પોલીસ ત્યાં દોડી આવી. હેમુ ઓજાર સાથે ઝડપાઈ ગયા. તેમના બે સાથીદારો નંદ અને કિશનની પણ ધરપકડ કરવામાં આવી. અદાલતમાં બધો આરોપ હેમુએ પોતાન માથે ઓઢી લીધો. તેમને આજીવન કારાવાસની સજા કરવામાં આવી. પાછળથી જજ કર્નલ રિચર્ડસને તેને ખતરનાક ગણાવી સજા આજીવન કારાવાસમાંથી ફાંસીની કરી નાખી. અને ૨૦ વર્ષના આ ક્રાંતિકારી ૨૧મી જાન્યુઆરી, ૧૯૪૩ના રોજ હસતાં મોઢે ફાંસીએ ચડી ગયા.




## બાળકની જિદ


શિશુવંદના

– ગિજુભાઈ ભરાડ

આપણે ત્યાં બાળહઠ જેવો શબ્દ પ્રજાએ પોતાના અનુભવે ઘડેલો છે. રામાયણમાં ઉલ્લેખ આવે છે કે રામે ચંલિાવી આપવાની હઠ પકડી હતી તયારે દશરથ એમને અગાશીમાં લઈ જઈને પાણી ભરેલા થાળીમાં ચંદ્રનું બિંબ બતાવીને એમને છાના રાખ્યા હતાં. બાળકનો અહંકાર આવી કોઈ પણ ઈચ્છા આંશિક કે પૂર્ણ કરવાની સ્થિતિ માતા–પિતા પર આવી પડે છે. બાળકના સ્વભાવને જિદી સ્વભાવ બનાવવામાં આપણા વડીલોનું પૂરતું યોગદાન હોય છે. વધારે પડતા લાડકોડ અને બાળકની ગેરવ્યાજબી માગણીઓ પણ સંતોષી આપવાની વાલીઓની કુટેવ બાળકને જિદી સ્વભાવ તરફ દોરી જાય છે. એમાં પણ બીજાઓની હાજરીમાં બાળકની હઠાગ્રહ વૃતિની પંશસા એનામાં એ પ્રકારના સંસ્કારોને દઢ બનાવે છે. બાળકની વ્યર્થ ચમચાગીરી કરનારા માતાપિતાના દષ્ટાંતો પણ આપણા સમાજમાં જોવા મળે છે અને ત્યારે આપણને થાય છે કે આ તો હદ થઈ રહી છે. બાળકએ તમારો પટ્ટાવાળો નથી, એ તમારા અસ્તિત્વનો અંશ છે. તમારે એને બધી વાત કન્વીન્સ કરાવવાની હોય છે, હુકમબાજી પણ બાળકને જિદી બનાવે છે.

## સાચા રાજાની પસંદગી

આજ નંદનવનમાં ઉત્સવનું વાતાવરણ હતું. નવા રાજાની વરણી થવાની હતી. અમુક પ્રાણીઓ એલિશ હાથીને રાજા બનાવવા ઈચ્છતા હતા અને અમુક પ્રાણીઓ શેરસિંહને બનતો જોવા ઈચ્છતાં હતાં. બધાં પ્રાણીઓ નવા રાજા વિશે એકમત સાધી ન શકયા. અંતે બંધા પ્રાણીઓએ ચતુર ફોગી શિયાળને યોગ્ય રસ્તો કાઢવા વિનંતી કરી. ફોગીએ બધાં પ્રાણીઓને સંબોધીને કહ્યું કે, ''આવતી પહેલી તારીખે નવ વાગ્યે વડદાદા પાસે બધાં પ્રાણીઓ એકઠાં થઈશું. ત્યારે હું નવા રાજાનું નામ સૂચવીશ. જે નવો રાજા બનશે તે બધી રીતે યોગ્ય હશે તેની હું ખાતરી આપું છું.'' અને બીજું ''પહેલી તારીખે નવ વાગ્યે રાજતિલકનું શુભ મુર્હૂત હોવાથી શેરસિંહે અને એલિશ બંનેએ નદીએ નાહીને તૈયાર થઈને વડદાદા પાસે પહોંચી જવું.'' ફોગીની વાતને બધાં પ્રાણીઓએ હર્ષથી વધાવી લીધી. શિયાળ બે ત્રણ દિવસ વિચારી પોતાની યોજના પાકી કરી લીધી. યોજના મુજબ સૌ પ્રથમ તેને તેના મિત્ર ગમેશ ગધેડા અને વિનિ વાંદરાને બોલાવ્યા.ગમેશને સંબોધીને કહે કે, ''પહેલી તારીખે નદીએ જવાના રસ્તે સવારથી તારે સૂઈ જવાનું. સાવ માંદો હોય તેવો ડોળ કરવાનો. તારા શરીર પર થોડું મધ પણ લગાડી દેજે. જેથી માખીઓ બણબણે. મને બહુ ભૂખ લાગી છે. કોઈ ખાવાનું આપો એવું શેરસિંહ અને એલિશ આવે ત્યારે બોલવાનું.'' અને વનુને કહે, ''તારે ગમેશ જયાં સૂતો હોય તેના નજીકના ઝાડ પર બેસી શેરસિંહ અને એલિશના વર્તનનું અવલોકન કરવું.'' બંનેએ ફોગીની વાત સ્વીકારી લીધી. પહેલી તારીખ આવતાં જ શેરસિંહ વહેલી સવારે ઊઠી જાય છે. ઊઠીને નહાવા માટે નદીએ જતો હોય છે, ત્યાં રસ્તામાં ગમેશને સૂતેલો જુએ છે. ગમેશ માંદો હોય તેવું તેને પ્રથમ નજરે જ લાગે છે. તેના શરીર પર માખીઓ બણબણતી હોય છે. જેવો શેરસિંહ નજીક આવે છે ત્યાં ગમેશ બૂમો પાડીને કહે છે, ''મને ખાવાનું આપો, મને ખાવાનું આપો, હું ખૂબ જ ભૂખ્યો છું, શકિત ન હોવાથી ચાલી પણ શકાતું નથી.'' શેરસિંહને તેના પર દયા આવે છે. નજીકમાંથી ઘાસ ભેગું કરીને તેને ખવડાવે છે. ગમેશ તેનો ખૂબ ખૂબ આભાર માને છે. ગમેશ સૂતો સૂતો કંટાળવા લાગ્યો. આઠ વાગ્યા હોવા છતાં એલિશ હજુ નાહવા આવતો દેખાયો. એલિશ નજીક આવતાં ગમેશ બૂમો પાડવા લાગ્યો, ''મને ખાવાનું આપો, મને ખાવાનું




આપો. હું ખૂબ જ ભૂખ્યો છું. અશકિત હોવાથી હું ચાલી શકતો પણ નથી.''

એલિશ રસ્તા વચ્ચે ગમેશને જોઈને કહ્યું, ''ભૂખ્યા હોવાનો ખોટો ઢોંગ કરીને આવા ને આવા રસ્તા વચ્ચે આવીને સૂઈ જાય છે. તને ખબર નથી હું રાજા બનવાનો છું. તને ઘાસ લઈને આપું તો મારે મોડું થઈ જાય. આમેય મારે મોડું થઈ જ ગયું છે. નવ વાગ્યે તો મારે વડદાદા પાસે પહોંચવાનું છે.'' એમ કહી ગુમાનથી નદીએ નાહવા જતો રહ્યો.

નજીકના ઝાડ રહેલા વિનુ શેરસિંહ અને એલિશના વર્તનનું બારીકાઈથી નિરીક્ષણ કરે છે. એલિશ નદીએથી નાહીને પાછો ફગીને બંનેના વર્તનની જાણ કરી દે છે.નવ વાગ્યા સુધીમાં તો બધાં પ્રાણીઓ વડદાદા સાંનિધ્યમાં આવી બેઠાં. શેરસિંહ તો પોણા નવ વાગ્યે જ આરામથી આવી ગયો હતો. કારણ કે તે સવારે વહેલો ઊઠી ગયો હતો. સાડા આઠ વાગ્યા સુધીમાં પોતે તૈયાર થઈ જશે એ રીતે જ બધાં કામ કરતો હતો. કદાચ કયાંય થોડુંક મોડું થાય તો પણ આરામથી પોણા નવ વાગ્યે વડદાદા પાસે પહોંચી જવાય. જયારે એલિશ હાફળો ફાફળો થતો માંડ સવા નવ વાગ્યે પહોંચ્યો. તેને ઊઠવામાં મોડું કર્યુ હતું. આથી ઉતાવળે જ કરવા પડયાં. હવે બધાં પ્રાણીઓ આવી જતાં ફોગી વનના રાજાની જાહેરાત કરતાં કહે કે, '' વનના રાજાનો તાજ શેરસિંહને પહેરાવવામાં આવે છે. કારણ કે, તેનામાં શકિત ઉપરાંત પરોપકાર સમયપાલનનો ગુણ પણ છે. જેની આજે ખૂબ આવશ્યકતા છે. એલિશમાં ફકત શકિત જ છે.'' શિયાળ બધા પ્રાણીઓને પોતાનીયુકિતની વાત કરે છે. બધાં પ્રાણીઓએ તાળીઓથી ફોગીને અને નવા રાજાને વધાવી લીધા.

**બાલમિત્રો,**




ભગવાને માવખને એક મુવા આપ્યો છે. સહનશીલતાનો આપણી સહનશકિત એટલી વધુ એટલો આપવાને ફાયદો થાય.

ભગવાન મહાવીર કેવા સહનશીલતા હતા. એનો એક પ્રસંગ ખુબ જાણીતો હતો. કદાચ તમે સાંભળ્યો હશે. મહાવીર એક જંગલમાં ધ્યાનમાં બેઠા હતા. ત્યાં એક ગોવાળ પોતાના ગાય, બળદ ચરાવતો હતો. અચાનક તેને ઘરે જવાનુ થયુ. તેઓ ધ્યાનષ્ય મહાવીરને કહ્યુ. '' મહારાજ, મારા ગાય, બળદ સાથે બેઠો છે તેમનુ ધ્યાન રાખજો. હું હમણા આવુ છું.'' એટલુ કહી તો ગોવાળીયો તો ચાલ્યો ગયો. મહાવીર તો ધ્યાનષ્ય હતા. તેઓ કયાંથી સાંભળ .થોડીવાર ગોવાળીયો આવ્યો. જોયુ તો ગાય–બળદ મળે નહિ. ગોવાળીયો ગુસ્સે થયો. ઘણુ બધુ બોલ્યો, અરે તારે ખાન છે કાણા ? એમ કહી એ મોટી બાવળની સૂળ લઈ વર્ધમાનના કાનમાં ખોસી દીધી. પીડા અસંખ્ય થવા લાગી છતા મહાવીર મૌનને શાંત રહ્યા. કોઈ માણસને દયા આવીને સૂળ કાઢી નાંખી.


બાળમિત્રો, વાત યાત્ર એટલી છે કે, આપણે પણ જીવનમાં થોડી ઘણી સહનશીલતા કેળવવી જોઈએ. સહનશીલતામાં જ પ્રગતિ રહેલી છે.

## ગીત : એક ચકલી આવી



એક ચકલી આવી,
તણખલું એ લાવી,
માળો કરવા આવી
મેં કહ્યું કે ગા ને, ચકી ચીં ચીં ચીં
ફોટા ઉપર બેસી,
સૌની ઐસી–તૈસી !
મેઘા કહેતી : ગા ને, ચકી ચીં ચીં ચીં
ઉડી પંખી બેઠી,
ત્યાંથી આવી હેઠી,
ચોખા દાણો લેતી.
પિન્કી કહેતી : ગા ને, ચકી ચીં ચીં ચીં
દપર્ણમાં એ જોતી,
બીજી ચકીલી ગોતી,
ચાહે કરવા દોસ્તી
ચાંચ હલાવી બોલી ચકી : ચીં ચીં ચીં !

## આપણી ચામડી




આપણી ચામડી શરીરનું તાપમાન ચામડી કઈ રીતે શરીરનું તાપમાન જાળવી રાખે છે.

ચિત્ર : એ
(૧) વધતા તાપમાને ફૂલેલી નળીઓ.
(૨) પરસેવાની ગ્રંથિમાંથી બહાર આવતું પ્રવાહી – 'પરસેવો' અને તેનું બાષ્પીભવન.
(૩) વાળના સ્નાયુનું શિથિલ થવું – આમ તાપમાન ઓછું થાય


ચિત્ર : બી
ઓછા તાપમાને સંકોચાતી નળીઓ અને ઊભા થતા વાળના રૂંવાટા (Goose-flesh)

(Joy of knowledge - encyclopedia - Mitchell Beazley encyclopedia)

## સમજદાર બતક – મિલોની હર્ષ દેસાઈ

એક સરસ મઝાનું તળાવ હતું. તેમાં બે બતક રહેતાં હતાં. પછી એક દિવસ એવું થયું કે તળાવમાંથી પાણી જતું રહ્યું. બંને બતકે કહ્યું કે આપણે કેવી રીતે રહીશું ? તળાવમાંથી તો પાણી જતું રહ્યું ? તો પેલા બીજા બતકે કહ્યું કે આપણે હવે જંગલમાં જઈને તળાવ શોધવું પડશે. પહેલા બતકે કહ્યું કે, ચાલ, આપણે જંગલમાં જઈને શોધીએ. તો એ બંને બતક જંગલમાં જવા લાગ્યાં. ત્યાં જ એ લોકોને એક સરસ મઝાનું તળાવ મળ્યું. તળાવમાં બીજા પક્ષીઓ પણ પાણી પર તરવા અને પાણી પીવા આવતાં હતાં. બધા સાથે તે બંને બતકની દોસ્તી થઈ ગઈ.

થોડા દિવસ પછી ત્યાં એક વાઘ આવ્યો. તેણે કીધું કે, તમે તો ગામમાં રહેતા હતાં ને ? તો એ બતકે જવાબ આપ્યો કે ત્યાંના તળ



ાવમાં પાણી પૂરૂં થઈ ગયું હતું. વાઘે પૂછયું કે હવે તમે અહીં જ રહેશો ? તો બતકે જવાબ આપ્યો હા, અહી જ રહીશું. તેથી ચાલો આપણે સૌ હળીમળીને દોસ્ત બનીને રહીએ તો કેવી મઝા આવે ? ખરૂંને દોસ્ત ?

# રાજુલાનાં સરકારી દવાખાને યોજાયેલ રકતદાન કેમ્પમાં ૮ર યુનિટ બ્લડ એકત્ર



ઈમરજન્સીસમયેરકતની જરૂરિયાતઅનેકદર્દીઓનેપડતીહોય છે જે ઉણપ દૂર કરવાના ભાગરૂપે સુરક્ષાસેતુસોસાયટી, અમરેલીજીલ્લા પોલીસ તેમજ આરોગ્ય વિભાગના સંયુકત ઉપક્રમે સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમા સરકારના તમામ વિભાગો તેમજ એન.જી.ઓ. સહિતના સ્ટાફ દ્વારા ૮ર યુનિટ બ્લડ કલેકટ કરી જરૂરિયાતમંદ લોકોનેઅર્પણકરીખરાઅર્થમાંમાનવતા મહેકાવી હતી. રાજુલા પ્રાંત અધિકારી ડો.મેહુલકુમારબરાસરાદ્વારાબ્લડડોનેટ કરીકેમ્પનેખુલ્લોમુકાતાઅધિકારીઅને કર્મચારીઓ તેમજ લોકો દ્વારા ઉત્સાહપૂર્વકભાગલઈરકતદાનકરતા કેમ્પને અંતે ટોટલ ૮ર યુનિટ બ્લડ એકત્રીત થતા અધિક્ષક ડો. એચ.એમ. જેઠવા, આર.એમ.ઓ. ડો. શકિતરાજ ખુમાણ અને ટી.એચ.ઓ. ડો. નિલેશ કલસરીયા દ્વારા તમામનો આભાર વ્યકત કરીસાચા અર્થમાં વિ રકતદાતા દિવસનીઉજવણીકરાઈહતી. એકત્રિત થયેલબ્લડસગર્ભામાતાઓ, લોકોઅને બાળકોને ઈમરજન્સીના સમયે સરળ તાથી મળી રહે તેવા પ્રયત્નો રાજુલાના પી.આઈ. આઈ.જે. ગીડા સહિતના પોલીસ પરિવાર દ્વારા કરવામા આવેલ.જયારે ટીડીઓ હિતેષ પરમાર સહિતની ટીમ દ્વારા તાલુકા પંચાયતથી સરકારી હોસ્પિટલ સુધી પગપાળા ચાલીને રકતદાન કરવામા આવેલ. સરકારીહોસ્પિટલખાતેયોજાયેલબ્લડ ડોનેશન કેમ્પમાં મામલતદાર એ.કે. શ્રીમાળી, કોસ્ટ ગાર્ડના સી.ઓ. રાકેશ કુમાર સહિતનાસરકારીઅધિકારીઅને કર્મચારીઓ તેમજ સાગરભાઈ સરવૈયા, કાનાભાઈ ગોહિલ, મનીષભાઈ વાળા, ગૌરાંગભાઈ મહેતા, યુવરાજભાઈ ચાંદુ, સમીરભાઈ કનોજીયા, જોરૂભાઈ મેગળ, મુકેશભાઈ ગુજરીયા અને પત્રકાર મિત્રો સહિતના અગ્રણીઓ દ્વારા ખડેપગે હાજર રહી એકત્રિત થયેલ બ્લડ નવકાર ચેરીટેબલ બ્લડ બેન્ક મહુવાને સમર્પિત કરવામાં આવેલ જે યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીના ચિતલનાં દેસાઈ કોટેક્ષની

ક્ષત્રિયમંત્રીઅશોકભાઈ રાવલ, આ તકે દેસાઈ કોટેક્ષના જયસુખભાઈ દેસાઈતથા વિજયભાઈ દેસાઈ તથા વિ.હી.પ. નાં જીલ્લા પ્રમુખ ઈતેશભાઈ મહેતા, ઉપાધ્યક્ષ રશ્મીનભાઈ ત્રીવેદીએ સ્વાગત કરેલ. આ તકે પ્રાંત સંગઠન મંત્રી કિરીટભાઈ મીસ્ત્રી, પ્રાંત ઉપાધ્યક્ષ હંસાબેન મકાણી, સહમંત્રી રશિકભાઈ કણજારીયા, વિભાગ મંત્રી જગદીશભાઈ રૈયાણી તેમજ સ્થાનિક આગેવાનો અશોકભાઈ માંગરોળીયા, સંજયભાઈ લીંબાસીયા, વી.ડી. લીંબાસીયા, ઉદયભાઈ દવે, રમેશભાઈ સોરઠીયા વગેરે ઉપસ્થિત રહ્યાંહતા. આ તકે વિ.હી.પ.નાં અશોકભાઈ રાવળે જણાવેલ દેસાઈ પરિવારની વિવિધ સેવાકીય તથા સામાજીક, ધાર્મિક પ્રવૃત્તિઓ સમાજને પ્રેરણા આપે છે.

પાના ૧ ઉપરનું ચાલું

## લાઠીનાં સુરગપુરા ગામની સીમમાં

વિગત મુજબ લાઠી તાલુકાનાં ઝરખીયા અને અડતાલા ગામ નજીક આવેલા સુરગપુરા ગામની સીમમાં આવેલ એક વાડી વિસ્તારની એક વાડીમાં કરણભાઈ રમેશભાઈ અમલીયા તથા તેમનો પરિવાર કપાસનું વાવેતર કરતો હતો ત્યારે તેમના બાળકો ત્યાં રમતા રમતા બાજુની વાડીમાં પહોંચી ગયા હતા અને ત્યાં પાણીના દાર ઉપર પથ્થર રાખેલ હોય તેને બાળકોએ હટાવી લેતા તેમની દોઢ વર્ષની બાળકી આરોહી દારમાં પડી જવા પામેલ હોય અને બાળકી અંદાજે દારમાં ૪૫ થી ૫૦ ફુટ વચ્ચે ફસાયાનો અંદાઝ આવી રહ્યો હતો.

ફાયર વિભાગ દ્વારા પાણીનાં બોરમાં કેમેરા ઉતારી અને દારમાં રહેલ બાળકીની તમામ હલચલ ઉપર નજર રાખી રહ્યુ છે. જયારે ૧૦૮ દ્વારા દારમાં રહેલ બાળકીને ઓકિસઝન મળી રહે તે માટે થઈ ઓકિસજન સપોર્ટ શરૂ કરી દીધેલ છે. જયારે રાજુલા ખાતેથી રોબોર્ટ આવી જતા તેના દ્વારા બાળકીને સહી સલામત બહાર લાવવા માટે તમામ ટીમ તનતોડ મહેનત કરી રહ્યા છે.

આ ઘટના અંગે વાયુવેગે સમાચાર પ્રસરી જતા લોકોના ટોળા ઘટના સ્થળે ઉમટી પડયા છે. ત્યારે અમરેલી જિલ્લામાં આ બનાવ અંગે ચકચાર મચી જવા પામી છે. જયારે બાળકી દારમાંથી સહી સલામત બહાર આવી જાય તે માટે ઠેર ઠેર લોકો દ્વારા પ્રાર્થના કરી રહ્યા છે.

ત્યારે છેલ્લે મળતા અહેવાલ મુજબ આ રેસ્કયુ ઓપરેશન એન.ડી.આર.એફ.ની ટીમને પણ મદદ માટે બોલવવામાં આવેલ હોય, એન.ડી.આર.એફ.ની ટીમ ઘટના સ્થળે પહોંચી જઈ ઓપરેશન રેસ્કયુ હાથ ધરેલ છે.

૭ કલાક પહેલા રાજુલાથી આવેલ રોબર્ટને દારમાં ઉતારવામાં આવેલ હતો તે રોબર્ટનાં પકડમાંથી બાળકી છુટી જતાં રોબર્ટને દારમાંથી બહાર કાઢી ફરીથી બાળકીને બચાવવા માટે થઈ ઘનિષ્ઠ કામગીરી શરૂ કરવામાં આવી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરાથી દાહોદ રૂટની

થોડીક પણ ગંભીરતા નથી કે પછી હાલે છે હલાવો તેવી નીતિથી વહીવટ કરે છે.

બગસરા ડેપોમાં ડ્રાઈવર તેમજ કંડકટરની ઘટ હોવાથી અનેક વખત આવા રૂટો કાપી નાખવામાં આવે છે જયારે શું ડેપો દ્વારા તંત્રને જાણ કરવામાં આવી છે કે બગસરા ડેપોમાં સ્ટાફની ઘટ પૂરી કરવા કે પછી આવાજ અણઘણ વહીવટથી ડેપો ચલાવવા માંગે છે તેવા પણ સવાલો લોકો દ્વારા ઉઠી રહ્યાં છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરા પાલિકાનાં શાસકો

જાય પછી પોતાના ઘરની દિવાલો તેમજ ગાડી ધોવાની કામગીરી કરે છે જે બધું પાણી ગટરમાં જતા કુંડીઓ ઓવેર ફલો થઈ બહાર આવે છે. ત્યારે બિનજરૂરી પાણીનો વ્યવ કરતા લોકો સામે પણ હવે પાલિકા નક્કર કાર્યવાહી કરી નળ કનેકશન કાપવા સુધીની કામગીરી કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શહેરના લોકો જયારે પાણી વિતરણ થાય ત્યારે મોટાભાગનું પાણી બહાર બઝારોમાં વ્યય કરતા નજરે પડે છે ત્યારે લોકોએ પણ પાણીનો બચાવ કરવા આગળ આવવું જોઈએ. અહીં બુધવારીના પુલ પાસે આવેલ રોડની સાઈડમાં મોટી કડ પડી ગયેલ છે જેના કારણે અહીંથી પસાર થતા લોકો નાના મોટા અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ત્યારે શહેરના લોકોને નિયમિત પાણી સફાય અને લાઈટની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં નગરપાલિકા પ્રમુખ આગળ આવે તેવી લોકોએ લાગણી અને માંગણી કરેલ છે.

ચેમ્બરના પ્રમુખ મુનાભાઈ મલકાણ દ્વારા જણાવ્યું હતું કે, પ્રાથમિક સુવિધાઓ આપવામાં પાલિકા નિષ્ફળ ગઈ છે અને જો શહેરના લોકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં પાલિકા દ્વારા કોઈ પગલાં લેવામાં નહિ આવે તો આગામી દિવસોમાં વેપારીઓ તેમજ લોકોને સાથે પાલિકા કચેરી અને પ્રમુખનો ઘેરાવ કરવામાં આવશે.

પાના ૮ ઉપરનું ચાલું

## NEETમાં માત્ર ગ્રેસ માર્કસની

વિદ્યાર્થીઓ અને તેના વાલીઓ સાથે કેન્દ્ર સરકાર રમત રમી રહ્યુ છે. NEETમાં માર્કસ આપવાની પ્રક્રિયા પર મોટા પ્રશ્નાર્થ ઉભા થયા છે. પરીક્ષા કેન્દ્ર અને કોચીંગ કલાસના સાંઠ ગાંઠ જેમા 'પૈસા દો, પેપર લો' નો ખેલ ચાલી રહ્યો છે. કેન્દ્ર સરકાર એનટીએ (NTA)ના ખભા પર ભાર નાખીને જવાબદારી અને જવાબદેહીથી ભાગી રહી છે. શું NEETનું પેપર લીક થયુ હતુ? શુ તેની તપાસ થઈ? જો પેપરબલીકની વાત સાચી ન હોય તો, પછી બિહાર પટણામાં FIR દાખલ થઈ, ૧૯ જણાની ધરપકડ કરવામાં આવી તેઓએ સ્પષ્ટ કહ્યુ કે અમોને NEET પ્રશ્નપત્ર જવાબ સાથે આપી દેવામાં આવ્યુ હતુ તો પછી આ સમગ્ર બાબતે NTA અને કેન્દ્ર સરકાર કેમ ગંભીર નથી? શા માટે છુપાવી રહ્યા છે? પેપર લીક કરનારા માફીયાને રાજકીય રક્ષણ કેમ? ૨૪ લાખ વિદ્યાર્થીઓ NEET આપે છે ત્યારે માર્કસ અને રેંકના આ ખેલામાં સફળતા માટે રાત દિવસ મહેનત કરનારના ભવિષ્ય સાથે રમત રમાઈ છે. દેશમાં NEET ના કૌભાંડ, બનાવા આ કૌભાંડ અંગે શિક્ષણ વિભાગ કેમ મૌન છે? ગુજરાતના ગોધરા સહિતની શાળામાં થયેલ NEET કૌભાંડમાં શાળા અને વડોદરા કોચીંગ ઈન્સ્ટીટયુટ સહિતના મુદ્દે બીજા કયા કયા મોટ મોટા માથા સંકળાયેલ છે? બીજી કઈ શાળાઓમાં સમગ્ર ગોઠવણો ગેરરીતી ચાલતી હતી? NEET માટે રજીસ્ટ્રેશન ૯/૦૨/૨૦૨૪ થી ૯/૩/૨૦૨૪ જે પાછળથી કિસ્સામાં ૧૬/૩/૨૦૨૪ રજીસ્ટ્રેશન વિન્ડો ખોલવામાં આવી? NEET પરિણામ ૧૦ દિવસ પહેલા આવવા પાછળ NTA સતાધીશો કેમ જવાબ આપતા નથી? લોકસભાના પરિણામના દિવસે જ પરિણામ જાહેર કરીને NEET ના પરિણામની ગેરરીતી–ગોટાળા છુપાવવાની યોજનાચ કોણે ઘડી? 'પરીક્ષા પે ચર્ચા' કરતા પ્રધાનમંત્રી ૨૪ લાખ વિદ્યાર્થીઓના ભવિષ્ય ઘડનારી NEET માટે કયારે ચર્ચા કરશે? NTA એ સુપ્રિમકોર્ટના નોર્મલાઈઝેશનની આપેલા પ્રથમ વખતના જવાબની થિયર કોના ફાયદા માટે અને કોના બચાવ માટે હતી? સમગ્ર NEETમાં થયેલ ગેરરીતી, ગોલમાલ, પેપરલીક સહિતની બાબતોની સુપ્રિકોર્ટના દેખરેખ હેઠળ ફોરેન્સીક તપાસ થાય તેવી કોંગ્રેસ પક્ષ માંગણી કરે છે.

પાના ૮ ઉપરનું ચાલું

## દામનગરમાં ઓનલાઈન યંત્ર ગેમ

મોડેમ મળી કુલ કિ.રૂ.૧૧,૪૦૦/–નો મુદામાલ મળી અને સદરહુ દુકાનમાં રહેલ ટેબલ ઉપર પ્લાસ્ટીકના યંત્રના કાર્ડ નંગ–૨૧ તથા ટેબલના ખાનામાંથી રોકડ રૂ.૮,૭૨૦/– મળી કુલ કિ.રૂ. ૨૦,૧૨૦/–નો મુદામાલ મળી આવેલ જે મુદામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી તપાસ હાથ ધરવામાં આવેલ.

આ કામની તપાસ દરમ્યાન આ દુકાનધાર કૌશીકભાઈ ભરતભા ગોહિલ રહે. દામનગર વાળાને ઓન લાઈન યંત્ર ગેમ બાબતે પૂછપરછ કરતા જણાવેલ કે, પોતે એચ.એસ.ઓનલાઈન માર્કેટીંગ પ્રાઈવેટ લીમીટેડના પ્રોપરાઈટર પટેલ એજન્સી સાથે કરાર કરી ફેન્ચાઝી રાખેલ છે. અને દામનગર ખાતે જુના બસ સ્ટેન્ડ પાસે દુકાન રાખીને આ કંપીન ઓનલાઈન વાસ્તુ પુજા યંત્રનુ ઓનલાઈન ડ્રો દ્વારા માર્કેટીંગ તથા વેચાણ કરે છે. જે અંગે કંપની દ્વારા નામ. હોઈકોર્ટમાં સીવીલ એપ્લીકેશન નંબર ૨૨૪૪/૨૦૧૩ તથા સીવીલ એપ્લીકેશન નંબર ૩૦૪/૨૦૨૧ તથા સીવીલ એપ્લીકેશન નંબર ૧૬૮૮૭/૨૦૨ તથા સીવીલ એપ્લીકેશન નંબર ૨૦૭૧૫/૨૦૨૩ અને સીવીલ એપ્લીકેશન નંબર ૫૮૦૨/૨૦૨૪ તથા સીવીલ એપ્લીકેશન નંબર ૭૪૬૧/૨૦૨૪ થી અલગ અલગ અપીલો દાખલ કરેલ હતી જે અપીલો હાઈકોર્ટમાં ચાલી જતા હોઈકોર્ટએ ઓનલાઈન વાસ્તુ પુજા યંત્રનુ ઓનલાઈન ડ્રો દ્વારા માર્કેટીંગ તથા વેચાણને મનોરંજન ગણવામાં આવેલ છે. આ ઓનલાઈન યંત્ર મોર્કેટીંગને જુગાર ગણવામાં આવેલ નથી. હાઈકોર્ટએ કરેલ હુકમની નકલ રજુ કરેલ છે. જે અંગે વધુ પોલીસ તપાસ હાથ ધરવમાં આવેલ.

આમ ઈલેકટ્રીક મીડીયામાં આ બનાવી અંગે લાઠી/બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા જુગારધામ ઉપર રેઈડ કરવામાં આવેલ જે સમાચાર પ્રસિધ્ધ થયેલ છે. આ જગ્યા ઉપર એચ.એસ.ઓનલાઈન માર્કેટીંગ પ્રાઈવેટ લીમીટેડ ફેન્ચાઈઝીર રાખીને ઓનલાઈન વાસ્તુ પુજા યંત્રનુ ઓનલાઈન ડ્રો માર્કેટીંગ તથા વેચાણ કરતા હોવાનુ જણાય આવેલ છે. સદર જગ્યાએથી વરલીમટકા કે જુગાર રમતા કોઈ કેરમાડતા વ્યકિતઓ મળી આવેલ નથી. તેમજ જુગાર લગત કોઈ સાહિત્ય રેઈડ દરમ્યાન મળી આવેલ નથી.

### નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, એમએજી શાખા–બગસરા

**નં.એમએજી/વશી/રજી નં.૩૧/૨૪** તા.૧૪/૦૬/૨૦૨૪

અરજદાર:– શ્રી પ્રાગજીભાઈ ભીમજીભાઈ રાણપરીયા
રહે. નાજાપુર, તા.કુંકાવાવ–વડીયા, જિ.અમરેલી,
**વકીલશ્રી યોગેશ ડી. દવે** **// વિરુધ્ધ//**
સામાવાળા:– જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી, **–વ–**
તલાટી કમ મંત્રી, નાજાપુર, તા.કુંકાવાવ–વડીયા, જિ.અમરેલી.

**//નોટીસ//**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં રહીશ શ્રી પ્રાગજીભાઈ ભીમજીભાઈ રાણપરીયાના પુત્ર શ્રી ચેતનકુમાર પ્રાગજીભાઈ રાણપરીયાનો જન્મ તા.૨૦/૦૮/૧૯૮૦ના કુંકાવાવ–વડીયા તાલુકાના નાજાપુર મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૭/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. તેમજ અરજી સાથે જ સાક્ષીના સોગંદનામા રજુ કરવામાં આવેલ છે, તેમને મુદતે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

કોર્ટનો સિકકો

**સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ**
**બગસરા**

### નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, એમએજી શાખા–બગસરા

**નં.એમએજી/વશી/રજી નં.૩૨૧/૨૪** તા.૧૪/૦૬/૨૦૨૪

અરજદાર:– શ્રી વિનુભાઈ મોહનભાઈ ઠુંમર
રહે. કોલડા, તા.કુંકાવાવ–વડીયા, જિ.અમરેલી,
**વકીલશ્રી યોગેશ ડી. દવે** **// વિરુધ્ધ//**
સામાવાળા:– જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી, **–વ–**
તલાટી કમ મંત્રી, કોલડા, તા.કુંકાવાવ–વડીયા, જિ.અમરેલી.

**//નોટીસ//**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં રહીશ શ્રી વિનુભાઈ મોહનભાઈ ઠુંમરના માતૃશ્રી પ્રભાબેન મોહનભાઈ ઠુંમરનું મરણ તા.૨૬/૦૭/૨૦૧૧ના કુંકાવાવ–વડીયા તાલુકાના કોલડા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૭/૨૦૨૪ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. તેમજ અરજી સાથે જ સાક્ષીના સોગંદનામા રજુ કરવામાં આવેલ છે, તેમને મુદતે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

કોર્ટનો સિકકો

**સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ**
**બગસરા**

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૬૦ | ૧૧૮૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ૩ | શિંગદાણા | ૧૪૦૦ | ૧૭૧૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૨૧ | ૧૫૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૦૫૦ |
| ૬ | તલ કાળા | ૨૧૦૦ | ૩૨૭૨ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૬૫૧ | ૩૦૪૬ |
| ૮ | બાજરો | ૩૮૯ | ૪૪૭ |
| ૯ | જુવાર | ૪૧૫ | ૮૨૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૬૪ | ૬૧૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૬૩ |
| ૧૨ | મગ | ૧૦૩૦ | ૧૬૩૧ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૩શ્રશ્ર |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | શ્રશ્ર૭શ્ર |
| ૧૫ | કપાસ | ૯૨૪ | ૧૪૮૦ |
| ૧૬ | એરંડા | ૭૪૦ | ૧૦૬૯ |
| ૧૭ | જીરૂ | ૨૧૦૦ | ૫૧૯૦ |
| ૧૮ | રાયડો | ૯૦૦ | ૯૯૯ |
| ૧૯ | ગમ ગુવાર | ૯૩૬ | ૯૩૬ |
| ૨૦ | ધાણા | ૯૦૦ | ૧૧૯૧ |
| ૨૧ | મેથી | ૭૦૦ | ૧૧શ્ર૫ |
| ૨૨ | સોયાબીન | ૭૯૦ | ૮૭૫ |
| ૨૩ | રજકાનું બી | ૩૫૦૦ | ૫૧૦૦ |
| ૨૪ | વરીયાળી | ૧૨૭૦ | ૧૩૮૫ |
| ૨૫ | કાંગ | ૮૦૦ | ૮૭૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૩૦ | ૧૪૯૦ |
| ૨ | મગફળી | ૧૦૭૦ | ૧૧૨૦ |
| ૩ | ચણા | ૧૧૬૨ | ૧૩૧૮ |
| ૪ | જીરૂ | ૪૬૯૦ | ૫૪૦૦ |
| ૫ | ઘઉં | ૪૬૫ | ૫૮૫ |
| ૬ | તલ સફેદ | ૨૨૯૦ | ૨૪૯૦ |
| ૭ | જુવાર | ૬૩૫ | ૭૭૫ |
| ૮ | એરંડા | ૯૩૦ | ૧૦૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૩૯૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૪૦ |
| ૩ | શીંગ નવી | ૧૧૩૧ | ૧૨૫૧ |
| ૪ | શીગદાણા | ૧૫૫૧ | ૧૬૨૧ |
| ૫ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૬૧૦ |
| ૬ | તલ કાળા | ૨૫૫૦ | ૩૨૦૯ |
| ૭ | જીરૂ | ૪૬૦૦ | ૫૫૦૦ |
| ૮ | કપાસ | ૧૩૫૦ | ૧૪૬૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૪૩ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૪૭ |
| ૧૧ | બાજરો | ૩૮૦ | ૪૫૦ |
| ૧૨ | જુવાર | ૪૫૦ | ૮૬૦ |
| ૧૩ | મગ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| ૧૪ | અડદ | ૧૬૫૦ | ૨૦૦૦ |
| ૧૫ | ચણા | ૧૨૦૦ | ૧૩૧૧ |
| ૧૬ | તુવેર | ૧૮૫૦ | ૨૩૦૦ |
| ૧૭ | એરંડી | ૧૦૩૦ | ૧૦૭૦ |
| ૧૮ | મેથી | ૯૯૮ | ૧૧૦૦ |
| ૧૯ | ધાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૨૦ | સોયાબીન | ૮૪૦ | ૮૬૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૬૦ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૨૭૦ |
| ૩ | ધાણા | ૧૦૩૦ | ૧૧૪૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૭૧ | ૪૮૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૪૮૮ |
| ૬ | રાય | ૯૯૫ | ૯૯૫ |
| ૭ | તલસફેદ | ૧૭૩૦ | ૨૪૦૭ |
| ૮ | શીગફાડા | ૧૧૧૦ | ૧૪૧૫ |
| ૯ | સોયાબીન | ૮૪૫ | ૮૭૦ |
| ૧૦ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૧ | મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ૧૨ | મગફળી | ૯૦૦ | ૧૦૯૦ |
| ૧૩ | તુવેર | ૧૫૦૦ | ૧૯૩૫ |
| ૧૪ | બાજરો | ૩૬૦ | ૩૬૫ |
| ૧૫ | જુવાર | ૪૨૦ | ૬૪૫ |
| ૧૬ | એરંડી | ૮૪૦ | ૧૦૦૫ |
| ૧૭ | શીંગદાણા | ૧૫૮૦ | ૧૫૮૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૧૨૭ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૩૦ |
| ૩ | તલ કાળા | ૧૫૦૦ | ૨૭૭૫ |
| ૪ | કપાસ | ૮૦૦ | ૧૪૪૦ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૨૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૮ | ૫૭૧ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૯૦૦ |
| ૮ | મકાઈ | ૫૦૯ | ૫૩૬ |
| ૯ | મગ | ૧૫૫૧ | ૧૬૨૦ |
| ૧૦ | મેથી | ૭૫૧ | ૧૧૫૦ |
| ૧૧ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૨ | ચણા | ૭૬૦ | ૧૩૪૦ |
| ૧૩ | એરંડી | ૯૨૦ | ૯૨૦ |
| ૧૪ | અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૫ | રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનો નવા સત્રનો શુભારંભ વિદ્યારંભ સંસ્કાર દ્વારા કરાયો



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનો નવા સત્રનો પ્રારંભ વિદ્યારંભ સંસ્કાર દ્વારા કરવામાં આવ્યો હતો. ગણેશ પૂજન, સરસ્વતી પૂજન સહીત નવા દાખલ થયેલ વિદ્યાર્થીઓના વિદ્યારંભ સંસ્કાર કરી યજ્ઞમાં વિદ્યાર્થીને આહુતી આપીને નવું શૈક્ષણિક નવું સત્ર શરૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.


### જયા ત્યાં ખૂલ્લી પેટીઓ અને ફયુઝ જોવા મળે છે

## સાવરકુંડલાનાં વીજપડી ગામે પીજીવીસીએલની બેદરકારીથી અકસ્માતનો સતત ભય

### ઉચ્ચ અધિકારી એસી કચેરીમાંથી બહાર આવી તપાસ કરે

વીજપડી, તા.૧૪

સાવરકુંડલા તાલુકાનાં વીજપડી ગામે ઠેર ઠેર ખુલ્લી ડિપી તેમજ ખુલ્લા ફયુઝ જોવા મળતા હોય છે. છેલ્લા દોઢ વર્ષથી અવારનવાર રજૂઆત કરવા છતાં તંત્રનાં પેટનું પાણી હલતું નથી. જયારે પણ અકસ્માત બનશે, ત્યારે કોઈ મૂંગા જાનવર તેમજ કોઈ માનવનો ભોગ



લેવાય તો જવાબદારી કોની? આ સવાલ લોકો કરી રહ્યા છે. બેજવાબદાર તંત્રની આવી બેદરકારી ભરી કામગીરી. વીજપડીમાં ઘણી જગ્યાએ ખૂલ્લી ડીપી તેમજ ખૂલ્લા ફયુઝ જોવા મળતા હોય છે. તાત્કાલિક અસરથી આ રીપેરીંગ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. ટુંક સમયમાં પીજીવીસીએલ આળસ નહી ખંખેરે તો મુખ્યમંત્રી સૂધી રજુઆત કરવામાં આવશે તેવું જાણવામાં આવેલ છે.

### જિલ્લા યુવા આહીર સમાજ દ્વારા

## અમરેલી ખાતે આગામી ૧૭જૂને ત્રિવિધ કાર્યક્રમોનું દબદબાભેર આયોજન

### તેજસ્વી તારલા, સામાજિક અને રાજકીય અગ્રણીઓને સન્માનીત કરવામાં આવ્યા

અમરેલી, તા.૧૪

જયારે સમયની સાથે પરિવર્તનશીલ યુગમાં વિકાસની ગતિ સાથે તાલ મિલાવવા માટે દરેક સમાજ પહેલ કરે છે, ત્યારે અમરેલી જિલ્લા આહિર સમાજ દ્વારા પોતાની આવનારી યુવા પેઢીને નેતૃત્વમાં સામેલ કરવા અને સમાજનાં વિકાસલક્ષી કાર્યક્રમમાં યુવાઓને જોડવા માટે અમરેલી જિલ્લા યુવા આહિર સમાજનામનું સંગઠન આકાર પામ્યું છે. જેનું સુકાન યુવા ઉત્સાહી અને અડધી રાતનાં હોંકારા સમાન ગણાતા કમલેશ ગરણિયાને સોંપવામાં આવ્યું હતુ. આ સંગઠન દ્વારા આવનાર સમયનો સમાજ ઉપયોગી વિકાસલક્ષી પ્રવુતિઓ માટે રોડમેપ તૈયાર કરવા એક મિટિંગનું આયોજન અમરેલી ખાતે કરાયું હતુ. જે અનુસંધાને તારીખ ૧૭મી જૂન અને સોમવારનાં રોજ અમરેલી જિલ્લાનાં આહિર સમાજનાં તેજસ્વી વિદ્યાર્થીઓ, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનોની કામગીરીને બિરદાવી તેમનું સન્માન કરવાનું આયોજન નક્કી કરવામાં આવ્યુ છે.

આ સાથે અમરેલી જિલ્લામાં આહિર સમાજનાં કર્મચારી સરકારનાં વિવિધ વિભાગમાં વર્ગ એકથી ચાર માં ખુબ મોટી સંખ્યામાં પોતાની ફરજ નિભાવતા હોય ત્યારે અમરેલી જિલ્લા આહિર કર્મચારી મંડળની રચના કરવી અને લગ્નો પાછળ થતા ખોટા ખર્ચ ઘટાડવા માટે આવનાર સમયમાં આહિર સમાજના સમૂહલગ્નોત્સવનું આયોજન કરવા સમગ્ર જિલ્લામાંથી આહિર સમાજના લોકો માટે એક ત્રિવિધ કાર્યક્રમનું આયોજન અમરેલી જિલ્લા આહિર સમાજનાં પ્રમુખ જીતુભાઈ ડેર અને અન્ય આગેવાનોનાં માર્ગદર્શન નીચે અમરેલી જિલ્લા યુવા આહિર સમાજનાં પ્રમુખ કમલેશ ગરણિયાના નેતૃત્વ આવનારી તારીખ ૧૭મી જૂન ને સોમવારના રોજ સવારે ૯ કલાકે કડવા પટેલ સમાજવાડી હનુમાનપરા અમરેલી ખાતે ભવ્ય કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. તો સમગ્ર અમરેલી જિલ્લામાં વસવાટ કરતા આહિર સમાજના લોકોને ઉપસ્થિત રહેવા યુવા આહિર સમાજના પ્રમુખ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## અમરેલી જિલ્લામાં યોજાયેલા કેમ્પમાં ૫૧૫ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું




અમરેલી, તા.૧૪

અમરેલી, તા.૧૪ જૂન, ૨૦૨૪ (શુક્રવાર) તા.૧૪ જૂનનાં રોજ વિ રક્તદાતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. અમરેલી જિલ્લામાં તાલુકા સ્તરે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં યોજાયેલા કેમ્પમાં ૫૧૫ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરના સંદર્ભે તાલુકા આરોગ્ય અધિકારી–પદાધિકારીઓ અને ગામના આગેવાન તેમજ ગામ લોકોએ સફળ આયોજન કર્યુ હતુ. સમગ્ર વિશ્વમાં લોહી અને પ્લાઝમાનું નિયમિત રીતે દાન લોહી અને લોહીના ઘટકોની સુરક્ષિત અને કાયમી ઉપલબ્ધિ રહે તે સુનિશ્ચિત કરવામાં આવે છે. ૧૮ થી ૬૫ ઉંમરની તંદુરસ્ત હોય તેવી કોઈપણ વ્યક્તિ દર ૩થી ૪ મહિને રક્દાન કરી શકે છે. નિયમિત રીતે કરવામાં આવેલું. રક્તદાન ઘણી જીંદગીઓ બચાવી શકે છે. વધુમાં વધુ નાગરિકોને રક્દાન કરવા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર. એમ. જોષી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

### પંદર લાખથી વધુના ખર્ચે ડોમ, અંતિમ રથ, પેવર બ્લોક સહીતની સુવિધાઓ ઉભી કરાઈ

## વડિયાનાં બરવાળા બાવળ ગામે દાતાઓના સહયોગથી અંતિમ ધામમાં થયેલા વિકાસ કાર્યનું લોકાર્પણ

### ગ્રામજનોની હાજરીમાં વાલીબેન સોજીત્રાના હસ્તે લોકાર્પણ કરાયું



વડિયા, તા.૧૪

વડિયાની ભાગોળે આવેલા બરવાળા બાવળ ગામે ગામના લોકફાળા અને દાતાઓના સહયોગથી પંદર લાખ જેવી માતબર રકમથી અંતિમ ધામનો વિકાસ કરવામાં આવ્યો છે. બાટવા દેવળી રોડ પર આવેલા આ અંતિમ ધામમાં એક ડોમ, અંતિમ રથ, મકાન અને સમગ્ર ગ્રાઉન્ડમાં પેવર બ્લોક નાખી તેનો વિકાસ કરવામાં આવતા. તેમનુ લોકાર્પણ કરાયું હતુ. જેમાં અંતિમધામમાં સ્વઃ હરિભાઈ મનજીભાઈ સોજીત્રા નાં સ્મરણાર્થે તેમના પરિવાર પ્રાગજીભાઈ અને ધીઢભાઈ દ્વારા પાંચલાખ પચાસ હજારનાં ખર્ચે ડોમ, હરેશભાઈ અને હિતેષભાઈ છોડવાડિયા અને રાજુભાઈ દ્વારા સ્મશાન માટે અંતિમ યાત્રા રથ માટે ત્રણ લાખ પચીસ હજારનું દાન, અંતિમ રથનાં રૂમનાં નિર્માણ માટે દેવરાજભાઈ શીંગાળા દ્વારા એકાવન હજાર કમ્પાઉન્ડ માં પેવર બ્લોકનાં કામ માટે એક લાખ પચીસ હજારનું દાન જેન્તીભાઈ ધડુક દ્વારા અને ગ્રામજનો દ્વારા લોકફાળો આપવામાં આવતા ગામના અંતિમધામ એવા સ્મશાનભૂમિનો વિકાસ કરવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યનું લોકાર્પણ ગ્રામજનો અને મહેમાનોની હાજરીમાં મુખ્ય દાતાનાં માતૃશ્રી વાલીબેન સોજીત્રાનાં હસ્તે રીબીન કાપી લોકાર્પણ કરાયું હતુ. ત્યારે ગામજનો એ આ તમામ દાતાઓનું ફુલહાર અને શાલ અર્પણ કરી મોમેન્ટો દ્વારા સન્માનિત કર્યા હતા. આ તકે ગામલોકોએ તમામ દાતાઓને બિરદાવી તમામ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. જોકે આ સમગ્ર કાર્યમાં શ્રમદાનમાં ગામલોકોનો પણ મહત્વનો ફાળો જોવા મળ્યો હતો. જો આરીતે તમામ ગામમાં આર્થિક સમૃદ્ધ લોકો પોતાની ગામ પ્રત્યેનુ ઋણ ચૂકવે તો ચોક્કસ લોકફાળાથી ગામડાને ગોકુળિયા બનાવી શકાય.

### એડવોકેટ સાજીદખાન પઠાણની દલીલો સફળ

## અમરેલી : એકસીસ બેન્કનાં છેતરપીંડીના કેસમાં આરોપી જામીન મુકત

### એડવોકેટ ધર્મેશ પંડયાએ પણ કર્યો સહયોગ





અમરેલી તા. ૧૪

થોડા સમય પહેલા અમરેલી એકસીસ બેન્કમાં બોગસ દસ્તાવેજો બનાવી રૂા. ૧ કરોડ, ૭૨ લાખ જેવી માતબર રકમની છેતરપીંડી કર્યાના આક્ષેપના કેસમાં આરોપી નીર્મળસીંહ મહેશસીંહ ઝાલા રહે. રાજકોટ વાળાના ફોજદારી પર. અરજ નં. ૨૮૦/૨૪થી જમીન ઉપર મુકત થવા નામ. એડી. સેશન્સ કોર્ટ અમરેલીમાં અરજ ગુજારતા, આરોપી/અરજદાર તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટથી ધર્મેશ એચ. પંડયા તથા એડવોકેટ સાજીદખાન પઠાણએ આરોપીને છોડાવવા ધારદાર દલીલો કરી હતી જે કોર્ટે ગ્રાહય રાખી અરજદારને જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલ છે.

### બેન્ક મેનેજર વી.બી. ખુમાણની પ્રમાણિકતાની

## ખાંભાની મધ્યસ્થ બેન્કમાં તાતણીયાના ખેડૂત રૂપિયા ૫૦ હજાર ભૂલ્યાં અને પરત પણ મળ્યા

### ખેડૂત પરિવારે બેન્ક મેનેજરનો આભાર માન્યો

ખાંભા, તા.૧૪

ખાંભા ખાતે આવેલ અમરેલી જિલ્લા મદ્દયસ્થ બેન્ક ખાંભાની શાખા આવેલ છે. આ શાખા ગઈકાલે તાતણીયાનાં એક ખેડૂત ખાતેદાર મંડળીની રકમ જમા ઉધાર કરવા માટે આવ્યાં હતા ત્યારે આ ખેડૂત ખાતેદાર દ્વારા ૫૦ હાજર બેન્કમાં ભૂલી જતા રાત્રે ઘરે ગયા પછી યાદ આવ્યું કે ૫૦ હાજર ઘટે અને બ્રાન્ચ મેનેજર ખુમાણ સાહેબને વાત કરતા આજે ખાત્રી કરીને પરત આપ્યા હતા.



તસ્વીર : ભાવીક કલસરીયા

મળતી માહિતી પ્રમાણે, ખાંભા ખાતે આવેલ અમરેલી જિલ્લા મદયસ્થ બેન્ક ની શાખા આવેલ છે. આ શાખાનાં બ્રાન્ચમાં ગઈ કાલે ખાંભા નાં તાતણીયા ગામનાં ખેડૂત વિક્રમભાઈ ભુરાભાઈ ભમ્મર પોતની મંડળીનાં જમા ઉધાર કરવા માટે આવ્યા અને ખેડૂત ભૂલથી ૫૦ હાજર રકમ બેન્કમાં જ ભૂલી જતા આખરે રાતે બેન્કનાં સ્ટાફ દ્વારા મેનેજર વી. બી. ખુમાણની ધ્યાન દોર્યું હતું કે ૫૦ હાજર વધારે છે. તમામ કેશનું મેળવણું કર્યું બાદમાં વધતી રકમ બેન્ક થાપણમાં હંગામી જમા રાખી રાત્રીના જ મોડેથી ખેડૂત ખાતેદાર વિક્રમભાઈ દ્વારા બ્રાન્ચ મેનેજરનો સંપર્ક કરતા આજે બ્રાન્ચ ખાતે ખેડૂત ખાતેદાર વિક્રમભાઈને બોલાવીને રોકડા ૫૦ હાજર પરત આપી. બ્રાન્ચ મેનેજર વી. બી. ખુમાણ દ્વારા પ્રમાણિકતા દાખવી હતી. જયારે ખેડૂત ખાતેદાર તમામ સ્ટાફ તેમેજ મેનેજર ખુમાણ સાહેબનો આભાર માન્યો હતો.

# અમરેલી જિલ્લામાં પ્રવાસન અને યાત્રાધામોનાં વિકાસ અર્થે બેઠક યોજાઈ



અમરેલી શહેરના મધ્યમાં આવેલ ટાવરને હેરિટેજ તરીકે રીસ્ટોર કરવા જલારામ બાપાની ગુરૂ ગાદી સમાન ભોજાબાપાના જન્મ સ્થળને વિકસાવવા ભુરખીયા હનુમાનજી મંદિર, બાબરા તાલુકાના દરેડ ગામે ભકત શિરોમણી આપા મેરામણની જગ્યા સ્વામિનારાયણ મંદિર ધારી તથા બગસરા, આંબરડી સફારી પાર્ક શામળિયા મહાદેવ, મોટા બારમણ કુંભનાથ મહાદેવ રાજુલા ગિરધરવાવ સાવરકુંડલા સહિત અનેક પ્રવાસન અને યાત્રાધામ સ્થળોના વિકાસની કામોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી. આ ઉપરાંત લાઠી તાલુકાના દુધાળા પાસે ત્રિવેણી સંગમનો સંગમનો પર્યટન સ્થળ તરીકે વિકસાવવા, પાડરશીંગા ગામે વિશ્વનાથ મંદિરના જીર્ણોધર નાના માચીયાળા ગામે સંત ભોળી આઈની જગ્યાનો વિકાસ તેમજ મોટા આંકડીયા ખાતે આવેલ તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા તેમજ ધારી તાલુકાના પાતળા દુધાળા રાજસ્થળી સહિત રાજુલા તાલુકાનું ધાતરવડી ડેમના પટમાં આવેલ ધારેશ્વર મહાદેવના સ્થળને વિકસાવવા સહિત અનેક વિકાસ કાર્યોને સમીક્ષા કરવામાં આવી તેમજ વહેલી તકે તમામ પૌરાણિક તેમજ ધાર્મિક મહત્વ ધરાવતા યાત્રાસ્થાનોમાં યાત્રિકોની સવલતના કાર્યો વહેલી તકે હાથ ધરવા કલેકટર અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં અધિક કલેકટર, જિલ્લાના તમામ પ્રાંત અધિકારીઓ, પ્રવાસન વિભાગના અધિકારીઓ સહિતની હાજરીમાં સુચના આપેલ આપવામાં આવેલ હતી.

## શહેરીજનોએ ખોબલે-ખોબલે મત આપ્યા અને બદલામાં મળી પરેશાની

# બાબરા પાલિકાનાં શાસકો પ્રાથમિક સુવિધા આપવામાં નિષ્ફળ

ભૂગર્ભ ગટરની ખુલ્લી કૂંડીઓનાં લીધે ગટરનાં ગંધાતા પાણી માર્ગ પર ફરી વળે

પીવાનું પાણી જયારે વિતરણ થાય તે સમયે ગટરની કૂંડીઓ ઉભરાતી હોવાની ફરિયાદ

શહેરની બજારોમાં બાઈક સવાર અવારનવાર અકસ્માતનો ભોગ બનતા જોવા મળે છે

શહેરીજનોને પાણીનો બગાડ ન કરવા માટે પાલિકા પ્રમુખે કર્યો અનુરોધ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૪

બાબરામાં નગરપાલિકા દ્વારા શહેરમાં પાણી અનિયમિત વિતરણ કરવામાં આવતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડે છે. કારણ કે છેલ્લા એક મહિનાથી પાણીનો કોઈ ચોક્કસ સમય રહેતો નથી ખરા બપોરે આવે અથવા વહેલી સવારે આવે અને કામોડી રાતે આવે છે પાણી આવશે કે નહીં આવે તેને લઈ શહેરના લોકો દ્વિધામાં રાત દિવસ રહે છે.

બીજી તરફ સફાઈમાં પણ આજ મુશ્કેલીઓ જોવા મળી રહી છે. વિસ્તારના દાનેવનગર, રામનગર, સ્વામિનારાયણ નગર, મુખ્ય બઝારો ગટરની ખુલ્લી કુંડીઓના કારણે ઉભરાતી ગટરનું ગંધાતા પાણીમાં લોકો તેમજ વિદ્યાર્થીઓ પસાર થવા મજબુર બન્યા છે. અહીં ખુલ્લી ગટરની કુંડીઓ પેક કરવામાં આવતી નથી તેમજ સાફ કરવામાં આવતી નથી જેના કારણે ગટરો ઉભરાય ને પાણી બઝારોમાં વહી રહ્યું છે તેમજ સ્ટ્રીટ લાઈટ પણ મોટાભાગની બંધ છે જેને મરામત કરવાની કામગીરી પાલિકાની લાઈટ શાખા દ્વારા કોઈ તસ્દી લેવામાં આવતી નથી.

અહીં સ્મશાન પાસે આવેલ સીસી રોડ બની રહ્યો છે ચોમસાની સીઝનમાં જે બિલકુલ જરૂર ના હતો તેમ છતાં સારા રોડને તોડી પાલિકા દ્વારા રોડ બનાવવામાં આવી રહ્યો છે જેના કારણે પસાર થતા લોકોને ખુબ જ હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે.

નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા જણાવ્યું હતું કે, શહેરમાં ખુલી ગટરની કુંડીઓ ને પેક કરવાની કામગીરી ટુંક સમયમાં કરવામાં આવશે પણ શહેરના લોકો જયારે પાણી વિતરણ થાય ત્યારે ઘરે પાણી ભરાય

અનુસંધાન પાના ૬ ઉપર

## એસ.ટી. તંત્રને સમય સાથે કોઈ લેવાદેવા નથી

# બગસરાથી દાહોદ રૂટની બસ ૧ થી ૧:૩૦ કલાક મોડી ઉપડી

મુસાફરવર્ગમાં નારાજગીનો માહોલ



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૧૪

બગસરા એસ.ટી. ડેપો દ્વારા ચાલી રહેલ અણ ઘણ વહીવટથી પેસેન્જરો હેરાન પરેશાન થઈ ગયા છે. જયારે બગસરાથી લાંબા રૂટની બસ જેવી કે બગસરા-દાહોદ જે ભરચક જતી હોય છે જેમાં જવાવાળા લોકો આ બસ સમય કરતા ૧:૩૦ કલાક મોડી ઉપડતા લોકો પરેશાનીમાં મુકાઈ ગયા હતા. જયારે આવા કંડકટરના અભાવે આજ સપ્તાહમાં બીજી વખત સમય કરતા મોડી ઉપડેલ હતી. જયારે આ બાબતે ડેપો માં પૂછતા તેમણે જણાવેલ કે કંડકટર બીમાર હોવાથી આવેલ નથી જેને હિસાબે ગાડી મોડી ઉપડેલી હતી. પરંતુ જાણવા મળતી માહિતી મુજબ આ કંડકટર દ્વારા સાંજે જ રજા લેવામાં આવી હતી પરંતુ ડેપો દ્વારા રજા ના આપતા કંડકટર આવેલ ના હતા. જયારે આ બાબતે ડેપો મેનેજરને ફોન દ્વારા કહેવામાં આવતા તેમણે કહેલ કે મને ખબર નથી હું તપાસ કરાવીલ. છું. શું આવા ચાલી રહેલ અણઘણ વહીવટથી લોકો પરેશાનીમાં મુકાઈ જાય છે જેનાથી તંત્રને

અનુસંધાન પાના ૬ ઉપર

## જયસુખભાઈ દેસાઈ અને વિજયભાઈ દેસાઈનાં આમંત્રણ સ્વીકારીને

# અમરેલીના ચિતલનાં દેસાઈ કોટેક્ષની શુભેચ્છા મુલાકાત લેતા વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રદેશ આગેવાનો

પ્રદેશ સંગઠનમંત્રી શ્રીરંગરાજે અને ક્ષત્રિય મંત્રી અશોકભાઈ રાવલનું સન્માન થયું



અમરેલી, તા.૧૪

અમરેલીના તાલુકાના ચિતલ અગ્રણી ઉદ્યોગપતિ વિજયભાઈ દેસાઈનાં દેસાઈ કોટેક્ષની શુભેચ્છા મુલાકાતે ગુજરાત વિશ્વહિન્દુ પરિષદના સંગઠનમંત્રી શ્રીરંગરાજે તથા પ્રદેશના

અનુસંધાન પાના ૬ ઉપર

## પરીક્ષા કેન્દ્ર અને કોચીંગ કલાસના સાંઠગાંઠ જેમાં 'પૈસા દો, પેપર લો' નો ખેલ ચાલી રહ્યો છે

# NEETમાં માત્ર ગ્રેસ માર્કસની સમસ્યા જ નહોતી, ગોટાળો થયો છે, ગેરરીતિ થઈ છે, પેપર લીક થયુ છે, મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે

કેન્દ્ર સરકાર એનટીએ (NTA)ના ખભા પર ભાર નાખીને જવાબદારી અને જવાબદેહીથી ભાગી રહી

અમદાવાદ, તા.૧૪

NEETમાં માત્ર ગ્રેસ માર્કસની સમસ્યા જ નહોતી. ગોટાળો થયો છે. ગેરરીતી થઈ છે, પેપર લીક થયુ છે. મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે. ગુજરાત કોંગ્રેસ મીડીયા કન્વીર અને પ્રવકતા ડો. મનીષ દોશીના ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે, NEET આપનાર ૨૪

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારાસભ્ય જનક તળાવીયાની જનતા રેડ બાદ

# દામનગરમાં ઓનલાઈન યંત્ર ગેમ એ ગેરકાયદેસર નથીનો પોલીસનો ખુલાશો

જુગારને લગત કોઈ સાહિત્ય મળી આવેલ નથી

અમરેલી, તા. ૧૪

ગઈ કાલ તા. ૧૩/૬/૨૦૨૪ના આશરે સાડા આઠેક વાગ્યા દરમ્યાન લાઠી-બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તથા જાહેર જનતાના માણસોએ દામનગર શહેરમાં જુના બસ સ્ટેશન પાસેના કોમ્પલેક્ષમાં આવેલ ઓનલાઈન યંત્રની દુકાનમાં ગયેલ જે બાબતે સ્થાનીક પોલીસને જાણ થતા તુરત જ દામનગર પોલીસ સ્ટાફ જુના બસ સ્ટેશનની પાસે જઈને જોતા ધારાસભ્ય તથા લોકોનું ટોળુ હાજર હોય જે દુકાનનુ શટર ખુલ્લુ હોય સદરહું દુકાનમાં ઈલેકટ્રીક સાધન સામગ્રીઓ બંધ હાલતમાં જોવા આવેલ અને કોઈ જુગાર રમવાવાળા કે જુગાર રમાડવાળો વ્યકિત મળી આવેલ નહી સદરહુ દુકાનમાં ઈલેકટ્રીક સાધનો એલડી ટીવી, સીપીયુ, કિ-બોર્ડ, મોબાઈલ ચાર્જર, વાઈફાઈ

અનુસંધાન પાના ૬ ઉપર




## રાજુલા નજીક આવેલ

# ચારોડીયા ગામે જુગાર રમતાં પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૧૪

રાજુલા તાલુકાના ચારોડીયા ગામે રહેતા મહેશભાઈ જેરામભાઈ ડોબરીયા, નિતીનભાઈ નનુભાઈ માંડણકા, મધુભાઈ આપભાઈ ધાખડા, કનુભાઈ વલ્કુભાઈ ધાખડા તથા વાવેરા ગામે રહેતા ભરતભાઈ બાબુભાઈ ધાખડા સહિત પાંચેય ઈસમો તા. ૧૨ રોજ મોડી રાત્રે ચારોડીયા ગામે, ધાર વિસ્તારમાં આવેલ મધુભાઈ આપાભાઈની દુકાન પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે ગંજીપત્તાના પાના વડે પૈસાથી હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૧૭,૩૬૦ના મુદ્દામાલ સાથે પાંચેય ઈસમો ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (બારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/- થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨, સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)